# માનવ જીવનનું ગૌરવ



— શ્રીરામ શર્મા આચાર્ય

# માનવજીવનનું ગૌરવ

: લેખક :

**પં. શ્રીરામ શર્મા આચાર્ય**

પ્રકાશક

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા.

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

મો૦ ૦૯૯૨૭૦૮૬૨૮૭, ૦૯૯૨૭૦૮૬૨૮૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

**: પ્રાપ્તિસ્થાન :**

**ગાયત્રી જ્ઞાનપીઠ**

**પાટીદાર સોસાયટી, જૂના વાડજ,**

**અમદાવાદ-૩૮૦ ૦૧૩**

**ફોન : ૨૭૫૫૭૨૫૨**

**સુધારેલી આવૃત્તિ - 2015** કિંમત રૂા. ૯.૦૦

# બે બોલ

માનવજીવનને શ્રેષ્ઠ શાથી માનવામાં છે ? માનવી ભૂલો પડેલો દેવતા કેમ કહેવાય છે ? વાસના, તૃષ્ણા અને અહંતાના માર્ગે માનવી કઈ રીતે ભૂલો પડી જાય છે ? જીવનને બરબાદ થતું અટકાવવા પશ્ચાત્તાપ કરવો શા માટે જરૂરી છે ? મનુષ્ય પોતે પોતાના ભાગ્યનું નિર્માણ કઈ રીતે કરી શકે છે ? બુદ્ધિશાળીઓની મૂર્ખતા શી છે ? સફળતાના આધારો કયા કયા છે ? 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'નો સિદ્ધાંત શું સમજાવે છે ? માનવી સ્વર્ગનું નિર્માણ કેવી રીતે કરી શકે છે ? મનુષ્યે આ દુર્લભ અવસરને કેવી રીતે માણવો જોઈએ ?

ટૂંકમાં, આવા અનેક પ્રશ્નોના જવાબ રૂપે આ પુસ્તિકા **"માનવજીવનનું ગૌરવ"** પ્રત્યેક માનવી માટે ખૂબ જ માર્ગદર્શક નીવડશે. આ પુસ્તિકામાં પરમ પૂજ્ય ગુરુદેવે માનવજીવનને શ્રેષ્ઠ બનાવવા માટે વિજ્ઞાનસંમત વિચારો દર્શાવ્યા છે. પુસ્તિકાનું વાંચન, ચિંતન અને મનન કરનાર માણસ જીવનને અવશ્ય સફળ બનાવી શકશે તે નિર્વિવાદ છે. આ યુગના માનવીને જીવનલક્ષ્યનું માર્ગદર્શન આ પુસ્તિકા અવશ્ય પૂરું પાડશે તેવો પ્રકાશકને વિશ્વાસ છે.

**પ્રકાશક**

**યુગનિર્માણ યોજના, મથુરા**

# માનવજીવનનું ગૌરવ

## મનુષ્યના જીવનની શ્રેષ્ઠતા :

માણસનું શરીર આ સૃષ્ટિની સૌથી શ્રેષ્ઠ રચના છે. લાગે છે કે ભગવાને પોતાની બધી જ કુશળતા નિચોવીને તેને સર્જ્યો છે. બીજા કોઈ પણ પ્રાણીને પ્રાપ્ત ન થયા હોય તેવા ગુણો અને વિશેષતાઓથી પ્રભુએ તેને નવાજ્યો છે. આ કથનમાં ભગવાન ઉપર પક્ષપાતી હોવાનો આરોપ લગાવી શકાય છે, પણ વાસ્તવમાં એવું નથી. ભગવાન તો સૌનો પાલનહાર પિતા છે. એને પોતાનાં બધાં સંતાનો એકસરખાં જ પ્રિય હોય છે અને તે ન્યાયપ્રિય પણ છે. જીવન જીવવા માટે અનિવાર્ય એવી બધી જ સગવડો અને સાધનો સાથે તેણે સૌ પ્રાણીઓને આ ધરતી ઉપર મોકલ્યાં છે. પોતે નિરાકાર હોવાથી તેણે મનુષ્યને પોતાના મુખ્ય પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરીને આ સૃષ્ટિની, વિશ્વવ્યવસ્થાની દેખરેખ રાખવા મોકલ્યો છે. એણે માણસને એની આવશ્યકતાઓથી વધારે સગવડો અને શક્તિઓ એટલા માટે આપી છે કે જેથી તે એના વિશ્વબાગને સુંદર, સભ્ય અને ખુશખુશાલ બનાવવાની પોતાની જવાબદારીઓ વધારે સારી રીતે અદા કરી શકે.

શારીરિક રીતે જોતાં માણસની સ્થિતિ અન્ય પ્રાણીઓથી કંઈ વધારે સારી નથી. પક્ષીઓની માફક હવામાં ઊડતાં કે માછલીની માફક પાણીમાં તરતાં તેને નથી આવડતું. તે વાંદરાની માફક ઝાડ ઉપર કૂદાકૂદ નથી કરી શકતો કે નથી તે સિંહની જેમ પોતાનું પરાક્રમી બળ બતાવી શકતો. હાથીની

સામે તે સાવ વામણો જણાય છે. ઈન્દ્રિયોની ક્ષમતાની બાબતમાં પણ બીજાં પ્રાણીઓ એનાથી વધારે શ્રેષ્ઠ સાબિત થાય છે. સૂંઘવાની બાબતમાં કૂતરો, સાંભળવાની શક્તિમાં ઘૂવડ અને જોવાની ક્ષમતામાં બાજ માણસ કરતાં વધારે શ્રેષ્ઠ સાબિત થાય છે. કેટલાંક પ્રાણીઓ તો ધરતીકંપ, વરસાદ અને વાવાઝોડાનું અનુમાન પ્રથમથી જ કરી લે છે અને આફત આવતા પહેલાં જ પોતાના રક્ષણની પૂર્વતૈયારી કરી લે છે.

પણ માણસ પોતાની બુદ્ધિ અને પુરુષાર્થની ક્ષમતાથી બધાં પ્રાણીઓ કરતાં સવાયો ઠરે છે. સિંહ, ચિત્તો અને હાથી જેવાં પોતાનાથી વધારે શક્તિશાળી, ભયાનક અને ખૂંખાર જંગલી પ્રાણીઓને તે પોતાના બૌદ્ધિક કૌશલ્ય અને માનસિક શક્તિથી હરાવી દે છે. તેમને પાંજરામાં કેદ કરી લે છે અને સરકસમાં તેમની પાસે જુદા જુદા પ્રકારના ખેલ કરાવે છે. પોતાની બૌદ્ધિક અને માનસિક વિશેષતાઓના બળે જ એણે પોતાના જીવનને સુખી અને આનંદપૂર્ણ બનાવવાના પ્રયાસમાં જ્ઞાન-વિજ્ઞાનની કંઈ કેટલીયે શોધો કરી નાખી છે. ભાષાલિપિ, કલા, સાહિત્ય, ચિકિત્સા, મનોવિજ્ઞાન, દર્શન, રાજનીતિ વગેરે એની વિશેષતાઓ જ છે, જેના કારણે તે સભ્ય પ્રાણી કહેવાય છે. બીજાં પ્રાણીઓ તો આની કલ્પના સુધ્ધાં પણ કરી શકે તેમ નથી.

મનુષ્યની ઈચ્છાશક્તિની પણ કોઈ સીમા નથી. એણે ઈચ્છ્યું ત્યારે પોતાના પુરુષાર્થથી ધરતી, આકાશ અને સમુદ્રનું મંથન કરી નાંખ્યું. ધરતીનાં ગાઢ જંગલો, પર્વતનાં ઊંચાં શિખરો, લાંબી નદીઓ, અસીમ રણો અને બરફથી છવાયેલા ધ્રુવપ્રદેશોને તેણે માપી લીધા છે. ઊંડા દરિયામાં

તે શોધખોળ કરી રહ્યો છે અને અંતરિક્ષના ઊંડાણમાં ગ્રહનક્ષત્રોમાં જીવનની સંભાવનાઓને તપાસતાં તપાસતાં ચંદ્ર અને તારાઓ ઉપર પોતાનું નિવાસસ્થાન રચવાનું સ્વપ્ન જોઈ રહ્યો છે. માણસના આ પુરુષાર્થની કથા આગળ તો પુરાણપ્રસિદ્ધ સમુદ્રમંથનની કથા સાવ નિસ્તેજ લાગે છે.

પરંતુ પોતાની બૌદ્ધિક ક્ષમતા અને પુરુષાર્થના બળે જ માણસને સૌથી શ્રેષ્ઠ કહેવામાં નથી આવતો, કારણ કે જો એમનો ઉપયોગ માત્ર પોતાના સ્વાર્થ, બીજાઓ ઉપર ધાક જમાવવા અથવા શોષણ વગેરેમાં કરવામાં આવે તો આ જ ક્ષમતાઓ અશાંતિ, મુસીબત અને વ્યાકુળતાનું વાતાવરણ ઊભું કરી શકે છે. એવા માણસનાં વખાણ ના થઈ શકે. આ તો ઈશ્વરેચ્છાની પણ અવગણના છે, જેના અનુસાર એણે માણસને આ વધારાની યોગ્યતાઓ આ વિશ્વના ઉદ્યાનને સુંદર બનાવવા માટે આપી હતી. આવી પરિસ્થિતિમાં ઈશ્વરીય ન્યાયશાસ્ત્રમાં દંડની પણ યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી છે. એ શાસ્ત્ર પ્રમાણે આવાં ગંભીર કુકર્મોને માટે મનુષ્યને પશુ, પિશાચ અને ભૂતપ્રેત જેવી યોનિઓમાં ભટકવું પડે છે. મોટા અધિકારીઓને તેમના વેતન ઉપરાંત ગાડી, બંગલો, નોકરચાકર, મદદનીશ વગેરેની સગવડો એટલા માટે આપવામાં આવે છે કે તેઓ મોટી જવાબદારીઓ વધારે સારી રીતે નિભાવી શકે, એટલા માટે નહિ કે તેઓ તેનાથી પોતાની ધાક, અધિકાર, સત્તા અને વિલાસિતાનું પ્રદર્શન કરે. સાધનસગવડોનો દુરુપયોગ કરવા માટે તેમને શિક્ષા પણ કરવામાં આવે છે.

# મનુષ્યજીવનની શ્રેષ્ઠતાનો આધાર

મનુષ્યજીવનને સૌથી શ્રેષ્ઠ માનવાનું પાયાનું કારણ તેની અંદર રહેલા ઉત્તમ ગુણો છે, જે પ્રગટ થવા માટે રસ્તો શોધે છે. સંયમ, સેવા, વિનમ્રતા, સહનશીલતા, પ્રેમ, સદ્‌ભાવ વગેરે રૂપમાં પ્રગટ થઈને તે મનુષ્યને પશુ-પિશાચના સ્તરથી ઊંચે લઈ જઈને એક સારો માનવ બનાવે છે. માણસની બુદ્ધિ અને પુરુષાર્થની મહત્તા ત્યારે ગણાય છે, જ્યારે તે પોતાના સ્વાર્થ અને ખોટાં કામોથી અળગો રહીને ઈશ્વરની આ વિશ્વવાટિકાને સુંદર, સભ્ય અને સુસંસ્કૃત બનાવવામાં પોતાનો ભાવભર્યો ફાળો આપે છે.

માનવજીવનની સૌથી શ્રેષ્ઠ મૂડી તેની ભાવસંવેદના છે. આનો અંગીકાર કરવાથી માનવ બીજાઓની પીડા અને દુઃખદર્દને સમજી શકે છે અને ત્યારે જ તે બીજાઓના દુઃખનો ભાગીદાર બને છે અને પોતાના સુખને વહેંચે છે. આ જ સદ્‌ભાવ, સહાનુભૂતિ, સજ્જનતા, શાલીનતા વગેરે ગુણોના પરિણામે ચારે તરફ શીતળતા, મધુરતા અને સુખશાંતિનું વાતાવરણ સર્જાય છે. આને ધારણ કરવાથી મનુષ્યોમાં મહામાનવ, દેવમાનવ અને ઋષિ પેદા થાય છે. જે લોકો પોતાના હૃદયમાં છલકાતા પ્રેમભાવથી, સૂઝભર્યાં કામોથી આદર્શ જીવન જીવે છે તેઓ મનુષ્ય જીવનમાં દેવતાની ઉપસ્થિતિ પ્રમાણિત કરે છે અને આ ધરતી ઉપર સ્વર્ગ જેવી સ્થિતિનું નિર્માણ કરે છે. સમયે સમયે આવા માણસોની અધિકતાએ આ ધરતી ઉપર સતયુગ, સુવર્ણયુગ જેવું સુખશાંતિભર્યું વાતાવરણ તૈયાર કર્યું છે. આવું શ્રેષ્ઠ જીવન જીવવાના કારણે જ એક જમાનામાં

ભારતભૂમિના તેત્રીસ કરોડ નિવાસીઓ તેત્રીસ કરોડ દેવતાઓ ગણાતા હતા અને ભારત વિશ્વગુરુ અને ચક્રવર્તી જેવી પદવીઓથી સમગ્ર વિશ્વમાં વિખ્યાત હતું.

ખરેખર તો ભગવાને માણસને પોતાના જ રૂપમાં ઢાળીને મોકલ્યો છે. સમગ્ર બ્રહ્માંડના નમૂનાને પદાર્થના સૌથી નાના કણ અર્થાત્ પરમાણુની અંદર જોઈ શકાય છે. આમાં સૌરમંડળની જેમ ઈલેક્ટ્રોન, પ્રોટોન વગેરે કણ કેન્દ્રિય નાભિની આસપાસ ઘૂમી રહ્યા છે. વિશાળ વટવૃક્ષનો પૂરો નકશો તેના નાના સરખા બીજમાં હોય છે. ખાતરપાણી મળતાં જ એ અંકુરિત થઈને પોતાનું રૂપ પ્રગટ કરવાનું શરૂ કરે છે. એ જ રીતે જે ભગવાનમાં છે તે બધું જ માણસની અંદર બીજ રૂપે સુષુપ્ત પડ્યું છે. કહી શકાય કે સામાન્ય અવસ્થામાં ભગવાન આપણી અંદર સુષુપ્ત રહે છે. રિદ્ધિસિદ્ધિઓના રૂપમાં અનેક શક્તિઓ આપણી અંદર રહેલી છે. જ્યારે સાધના દ્વારા તેમને જગાડવામાં આવે છે ત્યારે મનુષ્યની અંદર દિવ્યશક્તિઓનું જાગરણ થવા લાગે છે. મનુષ્યની અંદર રહેલો ઈશ્વરીય અંશ જ્યારે જાગે છે ત્યારે તે મહાત્મા, દેવાત્મા, ઋષિ, સિદ્ધપુરુષ જેવી સીડીઓ ચઢવા લાગે છે. તેની અંદર સૂતેલો ભગવાન પ્રગટ થવા લાગે છે અને મનુષ્ય ભગવાનની જેમ શક્તિશાળી, જ્ઞાનવાન અને પ્રેમમય થઈ જાય છે. આ જ અવસ્થામાં તે **સોઙહમ્, શિવોઙહમ્, સચ્ચિદાનંદોઙહમ્** જેવી દેવવાણી બોલે છે અને **અયમાત્મા બ્રહ્મ, પ્રજ્ઞાનંબ્રહ્મ, તત્ત્વમસિ** જેવાં વચનોનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. આ શરીરમાં એ બધું સંભવિત છે, એ સચ્ચાઈ મનુષ્યજીવનને અતિમૂલ્યવાન બનાવી દે છે.

માનવજીવનને દેવયોનિઓથી પણ શ્રેષ્ઠ કહેવામાં આવ્યું છે. પશુયોનિ અને દેવયોનિ બંને ભોગયોનિઓ છે. માત્ર માનવજીવન જ કર્મયોનિ છે. પશુ પોતાનાં નીચ કર્મોને ભોગવે છે અને દેવતા પોતાનાં પુણ્યકર્મોનાં સુખોનો ભોગ કરે છે, પરંતુ પોતાના કલ્યાણ અને મુક્તિ માટે તેઓ આ યોનિમાં કોઈપણ કર્મ નથી કરી શકતા. આ માટે એમણે પણ મનુષ્યશરીરમાં જ જન્મ લેવો પડે છે.

આ બધી વિશેષતાઓના કારણે પ્રત્યેક યુગમાં ઋષિમુનિઓ મનુષ્યજીવનના સૌભાગ્યનાં ગુણગાન કરતા આવ્યા છે કે માણસ જાગે અને પોતાના હીરા જેવા જન્મનો સાચો ઉપયોગ કરીને તેને સફળ અને ધન્ય બનાવવામાં લાગી જાય. વેદ અને ઉપનિષદના ઋષિઓ માનવને 'અમૃતપુત્ર' કહેતા આવ્યા છે. મહાભારતમાં મહર્ષિ વેદવ્યાસ રહસ્યોદ્‌ઘાટન કરતાં કહે છે કે આ ધરતી ઉપર મનુષ્યજીવનથી શ્રેષ્ઠ બીજું કશું નથી.

## માનવ ભૂલો પડેલો દેવતા

આ શરીરમાં જીવન જીવતાં જીવતાં મનુષ્ય દેવતા અને ભગવાન પણ બની શકે છે તો બીજી બાજુ આ અતિ કીમતી જીવનને અભિશાપની જેમ જીવીને તેને બરબાદ કરવાથી દુઃખ અને દુર્ભાગ્યપૂર્ણ કથા પણ મનુષ્યની સાથે જોડાયેલી છે. બીજાં પ્રાણીઓ સાધારણ જીવન જીવતાં પોતાની જીવનયાત્રા પૂરી કરે છે, જ્યારે માણસ પોતાના આંતરિક દોષદુર્ગુણો અને બહારના વાતાવરણની બૂરાઈઓના બેવડા દબાણમાં આવીને એવી જિંદગી જીવતો જોવા મળે છે કે

લાચાર થઈને વિચારવું પડે છે કે આ માનવ છે કે પિશાચ ! માનવ શિશુ રૂપમાં તો ભગવાનની જેમ નિર્મળ, નિષ્કપટ અને નિઃસ્વાર્થી હોય છે, પરંતુ માતાપિતાની બેદરકારી, ખોટું શિક્ષણ, ખરાબ સોબત અને વિકૃત સમાજના દોષભર્યા વાતાવરણની અસરમાં આવીને તે બગડવા લાગે છે અને પોતાના અસલી રૂપથી ફંટાઈને ગેરમાર્ગે દોરાઈ જાય છે. આ રીતે માણસને એક માર્ગ ભૂલેલો દેવતા કહીએ તો તે ખોટું નહિ ગણાય.

મનુષ્યને ભગવાને કામ કરવા માટે આટલા ઉત્તમ હાથ, વિચારવા આટલું તેજસ્વી મગજ અને પૂરતો સમય પણ આપ્યો છે. જો તે ઇચ્છે તો આ બધાનો ઠીકઠીક ઉપયોગ કરીને પોતાના જીવનમાં સુખસૌભાગ્યનો અનુભવ કરી શકે છે, પરંતુ ઘણાખરા માણસો પોતાના હાથપગ અને મગજનો ઉચિત ઉપયોગ જ નથી કરતા. એદીની જેમ પડી રહે છે અને જીવનને નસીબના ભરોસે છોડી દે છે. તેથી અંતે દીન-હીન અને દરિદ્ર હાલતમાં સાવ તુચ્છ, નિઃસત્ત્વ, નિષ્પ્રાણ અને હલકટ જીવન જીવે છે. જિંદગી જીવવાના બદલે સમય વિતાવવાની વસ્તુ બની જાય છે. આળસુ માણસો કીડામંકોડાની જેમ જિંદગીને ગમે તે રીતે પૂરી કરે છે અને જ્યારે દુઃખ આવે છે ત્યારે બીજાઓને કે પછી ભગવાનને ભાંડતા રહે છે.

ઘણાખરા માણસો માટે જીવનનો અર્થ ખાવુંપીવું, સંતાનો ઉત્પન્ન કરવાં અને પરિવારનું ભરણપોષણ કરતાં કરતાં ગમે તે રીતે દિવસો પૂરા કરવા એવો હોય છે. પશુઓની જેમ આ નાનકડા વર્તુળ કે સીમાની બહાર તેમને બીજું કશું સૂઝતું નથી. તેઓ કોઈની સહાનુભૂતિને પણ પાત્ર ઠરતા

નથી, તેથી કોઈનો સ્નેહ પણ મેળવી શકતા નથી. પરિણામે એકાકી નીરસ જીવન જીવે છે.

માણસનો સ્વાર્થ અને અહંકાર અતિશય વધી ગયો હોય તો તે કેટલીયે મુશ્કેલીઓ સર્જે છે. ત્યારે તે પશુની નાની સરખી કક્ષાને ઓળંગીને એવાં એવાં કારસ્તાનો કરી બતાવે છે કે પશુ પણ એનાથી વધારે ઉચ્ચ કક્ષાનું લાગે છે. તે બીજાઓને કોઈ નુકસાન તો નથી પહોંચાડતું અને પોતાના નાનકડા સ્વાર્થની હદમાં જ રહે છે, પરંતુ માણસ તો તે બધી જ માનમર્યાદાઓ તોડી નાખે છે. તેનાં કારસ્તાનો પિશાચના સ્તરનાં બની જાય છે. એવું લાગે છે કે જાણે તેના માથા ઉપર કોઈ ભૂત સવાર થઈ ગયું હોય.

આવી પરિસ્થિતિમાં ન તો તે પોતે ચેનથી રહી શકે છે અને ન તો બીજાઓને સુખચેનથી જીવવા દે છે. જાતે તો હેરાનપરેશાન રહે છે, એટલું જ નહિ, તે પોતાની સાથે રહેનારાઓને પણ દુઃખ અને કષ્ટની આગમાં ધકેલી દે છે અને સળગતા અંગારા ઉપર ચાલવા માટે લાચાર કરી દે છે. આ રીતે પોતાની અંદર રહેલા દેવતાને ભૂલેલો મનુષ્ય પશુથી પણ નીચે રાક્ષસ તથા પિશાચ સ્તરે જઈને જીવનમાં નરક જેવી ઘોર યાતના ભોગવવા લાચાર બની જાય છે.

## ત્રણ રીતે માર્ગભ્રષ્ટતા

માણસને પોતાના મૂળ રૂપથી ભ્રષ્ટ કરનારા દોષદુર્ગુણો અનેક છે, પણ સામાન્ય રીતે જોતાં આ ત્રણ દોષોથી ભ્રષ્ટ થાય છે : (૧) વાસના (૨) તૃષ્ણા (૩) અહંતા.

આ ત્રણે દોષો માણસને તેની માનવતાથી ભ્રષ્ટ કરી પશુ અને રાક્ષસની જેમ દુઃખ અને કષ્ટભર્યું જીવન જીવવા માટે

વિવશ કરે છે. આમાંથી એક પણ એવો નથી કે જેને આપણે તેની માંગ પ્રમાણે સંતોષી શકીએ. જેમ જેમ તેની માંગ પૂરી કરતા જઈએ તેમ તેમ તેની ભૂખ એટલી જ વધતી જાય છે. મૃગતૃષ્ણામાં દોડતા હરણ જેવી તેની હાલત થઈ જાય છે. રણમાં ઝાંઝવાનાં જળ (મૃગજળ)ની વાત ખૂબ જાણીતી છે. ત્યાં રેતી ઉપર ખારનું પડ ચઢેલું હોય છે. તે ચાંદની રાતમાં પાણીના તળાવનો ભ્રમ પેદા કરે છે. પાણીની શોધમાં ભટકતું તરસ્યું હરણ એને જોઈને દોડવા લાગે છે, પરંતુ તેની નજીક જતાં કશું જ પ્રાપ્ત થતું નથી. પછી માથું ઊંચું કરી નજર ફેરવે છે તો આઘે ફરી એ જ દૃશ્ય દેખાય છે. ફરી દોડે છે અને નજીક પહોંચતા ફરી એ જ હકીકત સામે આવે છે. બસ, આ જ રીતે તૃષ્ણાતુર હરણ જળની શોધમાં ભટકતું ભટકતું થાકી જાય છે અને તરસ તથા ગૂંગળામણમાં પ્રાણ ગુમાવી બેસે છે.

આવી જ દુર્દશા વાસના, તૃષ્ણા અને અહંકારની તરસમાં રખડતા માનવની થાય છે. એનું ભૂત માથા ઉપર એવું સવાર થઈ જાય છે કે આપણા ઈમાન અને અક્કલને કંઈ વિચારવાની કે કરવાની તક જ નથી મળતી. એ ત્રણેય વજનદાર પથ્થરની જેમ માણસની પીઠ ઉપર લદાયેલાં રહે છે અને સાચા રસ્તે એક ડગલું પણ આગળ વધવા દેતાં નથી. પાણીમાં હલકી વસ્તુઓ જ તરે છે, ભારે તો તેમાં ડૂબી જ જાય છે. એ દોષો હોડીમાં રહેલા છિદ્રો જેવા છે. એ હોડીમાં બેસીને માણસને નદી પાર કરવાની છે. નાવને ડુબાડવા માટે તો એક નાનું કાણું પણ પૂરતું હોય છે. પછી આમાં તો ત્રણ મોટાં બાકોરાં હોવાથી તેનું શું થશે એની કલ્પના કરી શકાય છે. લોભની

હાથકડી, મોહની બેડી અને અહંકારની જંજીરોથી જકડાયેલ માણસ નકામો બની જાય છે. જ્યારે માણસની બધી શક્તિ અને સૂઝ આ જંજાળમાં ગૂંચવાઈને નષ્ટ થઈ જાય છે, જ્યારે જિંદગીમાં સંતોષકારક કરવા માટે કશું બાકી રહેતું જ નથી ત્યારે માણસ પોતાની વિકૃત ટેવોનો ગુલામ બની જાય છે. તેની પોતાની ઈચ્છા, સ્વતંત્રતા અને પ્રસન્નતા કશું બચતું જ નથી. તે તો ક્યારેક મન તો ક્યારેક હાલતના ઈશારે કઠપૂતળીની માફક નાચતો રહે છે.

**વાસના :**

વાસનામાં કામુકતા મુખ્ય છે. એની અધિકતા જીવનના મૂળ ઉપર કરવામાં આવેલ કુહાડીના ઘાની જેમ ઘાતક સિદ્ધ થાય છે. જનનેન્દ્રિયનું સાચું અને મૂળ કામ તો ખૂબ જ થોડું છે. સામાન્ય રીતે એનું કામ મૂત્રત્યાગનું છે. બીજું કામ વંશવૃદ્ધિનું છે. જેમાં એને ક્યારેક જ જોડાવું પડે છે, પરંતુ મોટાભાગના મનુષ્યો પ્રજનનના મૂળ લક્ષ્યને ભૂલીને વાસનાની તૃપ્તિ માટે તેનો દુરુપયોગ કરે છે. વાસનાની લોભામણી લાલચમાં તેઓ માનમર્યાદાઓને ભૂલી જાય છે. જીવનશક્તિના આ ખજાનાનો નાશ કરવામાં એટલો તત્પર થઈ જાય છે કે જાણે એમાં ખૂબ જ ફાયદો, ખૂબ જ લાભ હોય. ખાંડની ચાસણી પર તૂટી પડીને માખી જે રીતે વગર મોતે મરી જાય છે તેવી જ દશા કામુક માણસોની પણ થાય છે.

આ કામમાં પશુઓ માણસો કરતાં વધારે સમજદાર હોય છે. તેઓ કુદરતના નિયમ પ્રમાણે યોગ્ય સમયે જ વંશવૃદ્ધિનું કામ કરે છે. બાકીના સમયે સંયમ-નિયમથી રહીને સમજદારીનું વધુ સારું ઉદાહરણ રજૂ કરે છે અને સ્વસ્થ તથા

સુખી રહે છે. માણસ આને મનોરંજન અને રમત માનીને અત્યંત અસંયમી અને મૂર્ખતાભર્યું જીવન જીવે છે.

વાસના માણસને લીંબુની જેમ નિચોવી નાંખે છે. તે તેના જીવનમાંથી આરોગ્ય, તંદુરસ્તી, ઉત્સાહ, સ્ફૂર્તિ જેવું બધું જ નિચોવીને તેને છાલની માફક નકામો બનાવીને છોડે છે. અશક્ત શરીર વિવિધ પ્રકારના રોગોનું નિવાસસ્થાન બની જાય છે. અશક્તિ, થાક, ચીડ, આળસપ્રમાદ વગેરે તેની ઉપર સત્તા જમાવી લે છે. મન ક્યારેક ભારે ઉદાસ તો ક્યારેક ચંચળ તથા અશાંત રહે છે. કોઈ કામમાં બરાબર મન નથી લાગતું. કોઈ વિષયમાં એકાગ્રતા નથી સધાતી. આવી પરિસ્થિતિમાં ન તો જીવનમાં કોઈ મોટી સફળતાની આશા રહે છે અને ન તો સમાજમાં સન્માનની, કારણ કે આવી હાલતમાં તો વ્યક્તિત્વ અપ્રમાણિક અને અવિશ્વસનીય કક્ષાનું બની જતું હોય છે. ઊંચા આદર્શો અનુસાર ચાલવાની વાતો તો માત્ર વિચારના તુક્કા જેવી જ સીમિત રહી જાય છે.

રોગગ્રસ્ત શરીર ઉપર અને માંદલા મન ઉપર નાની - નાની ક્ષુલ્લક વાતો પણ ભારે અસર કરે છે. મિજાજ, ક્રોધ, ભય, ઈર્ષ્યા, દ્વેષ, ચિંતા જેવા માનસિક આવેગોથી માણસ અશાંત અને વ્યાકુળ રહે છે, પરંતુ વાસનાની આગ એવી છે કે તે શાંત જ થતી નથી. માણસ જ્યારે ભાન ભૂલી જાય છે ત્યારે તો એ બધી જ હદો અને બંધનો તોડી નાંખે છે અને એવાં ગુનાહિત અને રાક્ષસી દુષ્કર્મ કરી નાંખે છે કે જીવનભર પશ્ચાત્તાપની આગમાં સળગતા રહેવું પડે છે. ટૂંકમાં અમર્યાદિત કામુકતા મનુષ્યજીવનને કલંકિત કરી અધઃપતનના

ઊંડા ખાડામાં ફેંકી દે છે. એના વશમાં થવું એટલે શરીરને ચિતાના હવાલે કરવું. ચિતાનો અગ્નિ તો જર્જર દેહને બાળે છે, જ્યારે વાસનાનો અગ્નિ તો તેને યાતનાની ભટ્ટીમાં નાખીને ધીરેધીરે સળગવા અને તડપવા માટે છોડી દે છે.

તેથી પોતાના જીવન પ્રત્યે જાગ્રત અને તેને સુધારવા માટે ઉત્સુક હોય એવા દરેક મનુષ્યનું એ પરમ કર્તવ્ય બની જાય છે કે તે જીવનશક્તિના ખજાનાને બરબાદીથી બચાવે અને સંયમી જીવનનો આદર્શ અપનાવે.

**તૃષ્ણા :**

તે માણસને આવશ્યકતાથી અધિક ધનદોલત અને સગવડો એકત્રિત કરવા માટે ઉત્તેજિત કરે છે. આપણે ભ્રમમાં રહીને વિચારીએ છીએ કે આ વસ્તુઓ જેટલી વધારે હશે, એટલા જ આપણે વધારે સુખી અને પ્રસન્ન રહીશું, પરંતુ આ વિચાર માત્ર એક ભ્રમ છે.

માણસની આવશ્યકતાઓ ખૂબ જ જૂજ હોય છે. એનું નિર્માણ જ એવું છે કે થોડામાં જ એનું નભી જાય છે, ગુજારો થઈ જાય છે. ઉદરપૂર્તિ કરવા, દેહને આચ્છાદિત કરવા અને પરિવારનું ભરણપોષણ કરવા જરૂરી ચીજોની વ્યવસ્થા થોડાક જ કલાકોની મહેનતથી પૂરી થઈ શકે છે. બાકીના સમયનો ઉપયોગ પોતાને સુધારવા, પોતાની યોગ્યતા વધારવા અને ઈશ્વરના કામમાં કરી શકે છે. આ પ્રકારની જિંદગી જીવનારને કોઈ મોટી મુશ્કેલી નડતી નથી, પણ મુશ્કેલી તો ત્યારે ઊભી થાય છે, જ્યારે ધનકુબેર લક્ષ્મીનંદન શેઠ બનવાની અને ખૂબ જ એશોઆરામ અને ઠાઠમાઠનાં સાધનો એકત્રિત કરવાની ઘેલછા મગજ ઉપર સવાર થઈ જાય છે.

આ લાલચ માણસને ચેનથી બેસવા દેતી નથી. આવા માણસના ભેજામાં પ્રત્યેક ક્ષણે ધન કમાઈને મોજમસ્તી કરવાની વાત ચકરાતી રહે છે. લાલચને વશ થયેલ વ્યક્તિ માટે પૈસા જ ભગવાન બની જાય છે અને કોઈપણ રીતે પૈસા ભેગા કરતા રહેવું એ તેની પૂજા બની જાય છે. સુખની અપેક્ષાએ તે ધનદોલત અને ઠાઠમાઠનો ઢગલો વધારતો જાય છે, પરંતુ તેનું પરિણામ ઊંધું જ આવે છે.

સૌથી પહેલાં તો એને સાચવવાની ચિંતા તેને પરેશાન કરતી રહે છે કે ક્યાંક કોઈ ચોર, ડાકુ, ખાતરપાડુ તેને ચોરી ન જાય. ઉપરાંત ઈર્ષ્યાળુ, દુશ્મન અને પ્રતિસ્પર્ધી તેને ચેનથી બેસવા દેતા નથી. તેને હલકો પાડવાની અને બદનામ કરવાની કોઈ તક છોડતા નથી. ખુશામતખોરો અને ધૂર્તો મિત્ર બનીને પ્રહાર કરવાની તક શોધતા બેઠા હોય છે. અધિક માત્રામાં એકઠી કરેલી સાધનસામગ્રી, માલઅસબાબ આદતોને બગાડીને જુદાંજુદાં વ્યસનોના રવાડે ચઢાવી દે છે અને ખબર પણ નથી પડતી કે ક્યારે શરાબ, નશો, નાચગાન, પત્તાં, ચોપાટ, ખર્ચાળ શોખ વગેરે જિંદગીનાં અંગ બની જાય છે. સમજદાર અને સાચો વારસ ન મળવાથી આટલી દોડધામ કરી એકઠી કરેલી સંપત્તિ બરબાદ થઈ જવાનો ડર પણ સતાવતો રહે છે. તે ચેનથી મરવા પણ દેતો નથી.

ધનવૈભવની ઈચ્છા જેમ જેમ પૂરી થતી જાય છે તેમ તેમ વધતી જાય છે. માણસ ઈમાનદારીથી તો અમુક મર્યાદામાં જ ધન અને ઠાઠમાઠ પ્રાપ્ત કરી શકે છે, પણ અઢળક વૈભવ પ્રાપ્ત કરવો હોય ત્યારે તો એક જ માર્ગ બાકી રહે છે અને તે

છે બેઈમાનીનો અને ભ્રષ્ટાચારનો. જ્યારે લાલચના કેફમાં બુદ્ધિશાળી માણસની મતિ જ મરી જાય તો પછી તેને ખોટા માર્ગે જતાં કોણ રોકી શકે ? બસ, અનીતિ અને ભ્રષ્ટાચારના લપસણા રસ્તા ઉપર તેનું લપસવાનું શરૂ થઈ જાય છે. ધનદોલત અને ઠાઠમાઠ જેટલાં વધતાં જાય છે એટલાં જ સ્વાસ્થ્ય, શક્તિ અને ઈમાન ખતમ થવા લાગે છે. પોતાની સમગ્ર શક્તિને જોતરી દેવા છતાં પણ તેની ઇચ્છા અધૂરી જ રહી જાય છે. પૂરી થાય પણ કેવી રીતે ? આ ખીણ તો એટલી ઊંડી છે કે હિરણ્યકશ્યપ, રાવણ, વૃત્રાસુર, સિકંદર જેવા મહાપરાક્રમીઓએ પણ પોતાની પૂરેપૂરી શક્તિ દૃઢતાપૂર્વક દાવ ઉપર લગાડી છતાં એને પૂરવામાં તેઓ સફળ થઈ શક્યા નહોતા, તો પછી સામાન્ય માણસની તો વાત જ શી કરવી ? તૃષ્ણાનું આ કુચક્ર એટલું મોટું, એટલું ભયાનક અને એટલું અશાંતિદાયક છે કે તે જો હોય તો મોજમજા કરવાનું સ્વપ્ન ક્યારેય પૂરું થઈ શકતું નથી.

બીજું અત્યધિક મોહ પોતાના પ્રિયજનોના નામે ઢગલો ધનવૈભવ અને સુખસુવિધાઓ વારસામાં મૂકી જવા માટે લાચાર કરે છે, પરંતુ આ મોહ બધી રીતે પોતાના વારસોને બરબાદ કરનારો જ સાબિત થાય છે. મફતનો માલ કોઈને પણ પચતો નથી. વારસદારો એને મેળવીને બેઠાડુ, આરામપ્રિય અને એદી જ બની જાય છે અને વારસાને લઈને લડાઈઝઘડા અને મારકાપ થાય તે નફામાં. સંતાનોને મોજમસ્તીની સાધનસામગ્રી સમર્પિત કરી દેવી તે તેમને નકામાં અને અનૈતિક બનાવવાની એક નિંદ્ય નીતિ જ સિદ્ધ

થાય છે. કોઈના ભાવિ સાથે આવી રમત રમવા જેવો મોહ કોઈપણ રીતે ન્યાયી નથી.

આના બદલે વધારે સારું તો એ છે કે પોતાના કુટુંબીઓને જાતે મહેનત અને નીતિપૂર્વક પોતાનું ભરણપોષણ કરીને પોતાના પગ ઉપર ઊભા રહે તેવા બનાવવામાં આવે અને એવા વિચાર તથા સંસ્કાર આપવામાં આવે, જે તેમને જીવનભર ગૌરવપૂર્વક સ્વાવલંબી જીવન જીવવામાં ઉપયોગી થાય.

**અહંતા :**

આ આપણું વિકૃત થયેલું રૂપ છે, ચહેરો છે. તે બેહૂદો દેખાવ કરવા માટે ઉશ્કેરે છે. પોતાના અસલી રૂપ અને ગજાને ભૂલીને માણસ જ્યારે બાહ્ય વસ્તુઓથી પોતાને લાદી દે છે ત્યારે તેનું સ્વત્વ અહંકારનું રૂપ લઈ લે છે. શારીરિક સૌંદર્ય, હોશિયારી, તાકાત, ધનદોલત, પદવી, અધિકાર વગેરે કોઈપણ કારણથી આવું બની શકે છે. આનાં અસંખ્ય રૂપ છે, પણ મહેચ્છા એક જ હોય છે અને તે એ કે પોતાને બીજાઓથી ચઢિયાતો સિદ્ધ કરવો, બીજાઓ ઉપર પોતાનો પ્રભાવ પાડવો અને એવો પેંતરો રચવો કે બીજાઓને આપણું મોટાપણું, ચઢિયાતાપણું માનવું પડે. અહંકારને વશ થયેલો માણસ બીજાઓને ઊતરતા, હલકા તથા નિમ્નકક્ષાના માને છે અને પોતાની મોટાઈ, મહાનતા સાબિત કરવા માટે હંમેશાં તત્પર રહે છે. એ માટે દરેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિ અપનાવે છે.

આ માણસ સાથે જોડાયેલી એક એવી વિચિત્ર વૃત્તિ છે, જે તેને ડગલે ને પગલે જાતજાતનાં નાટક-ભવાઈ કરવા માટે

મજબૂર કરે છે. આ એવી દગલબાજી છે, જે પોતાના પ્રદર્શન માટે પાખંડ સર્જવા માટે ઉશ્કેરતી રહે છે.

સ્થૂળ રીતે જોતાં લાગે છે કે ઘમંડ, અકડાઈ, ગુસ્સો, અસભ્ય વ્યવહાર, બડાઈ વગેરે એની નિશાનીઓ છે, પરંતુ વાસ્તવમાં તે આનાથી વધારે ઊંડો અને વિશાળ વિસ્તાર ધરાવે છે. ફેશનપરસ્તી, સજાવટ, ઠાઠમાઠ, શૃંગાર, જાહેરાતબાજી, લગ્નોમાં થતો ખર્ચ વગેરે આ જ કુટુંબના સભ્યો છે. આ મોટાઈના પ્રદર્શનની નબળાઈ જ મહિલાઓને ચિત્રવિચિત્ર ફેશન અને સજધજ કરવા તથા અલંકાર આભૂષણોથી લદાવા પ્રેરે છે. પુરુષ પણ ઠાઠમાઠ માટે અનેક પ્રકારના દાવપેચ અજમાવે છે. આ એક એવો નશો છે, જેમાં સમજદારોને અછકલાપણું, છીછરાપણું અને નાદાનિયતની ગંધ આવે છે.

જેવી રીતે બિનજરૂરી ધનદોલત, વૈભવ તથા સંપત્તિ એકત્રિત કરવાથી હજારો મુસીબતો ઊભી થાય છે, એવી જ રીતે અહંકાર પણ માણસને અનેક પ્રકારની ઝંઝટોમાં ગૂંચવી નાખે છે. અહંકારી વ્યક્તિના અકારણ જ અનેક શત્રુઓ ઊભા થઈ જાય છે, કારણ કે તેનામાં પોતાની મોટાઈ અને બીજાઓની નિંદાનો ભાવ ખીચોખીચ ભરેલો હોય છે અને બીજો માણસ પણ કોઈ કારણ વિના પોતાને શા માટે ઊતરતો માને ? અહંકારી વ્યક્તિની સામે કદાચ શિષ્ટાચાર ખાતર કે તેના ભયને લીધે એની વાત માની લે, પરંતુ મનમાં તો તે એને એક અવળચંડો, છોકરમતિયો, ચસકેલ તથા બુડથલ જ માને છે. તેની ઉપેક્ષા અને ઘૃણા કરવાની ભાવના એના દિલમાં સદાય હોય છે.

અહંકારનો ભવાઈવેશ ખૂબ મોંઘો જ પડે છે. કોઈને આંજી નાખવા માટે ભાતભાતના વેશ અને પાખંડ ઊભા કરવા પડે છે. અહંકારનું પ્રદર્શન ઇર્ષ્યાને ઉત્તેજે છે. સામાન્ય રીતે આ જ કારણે લડાઈઝઘડા અને કડવાશ પેદા થાય છે. એવા માણસનો ન કોઈ મિત્ર બને છે કે ન કોઈ હિતચિંતક. ડાહ્યા માણસો એને દૂરથી જ પ્રણામ કરે છે. માત્ર ખુશામતખોરો જ એને વીંટળાયેલા રહે છે. તેઓ પણ પોતાના સ્વાર્થ પૂરો કરવાની જ તક શોધતા હોય છે અને સ્વાર્થ પૂરો થતાં જ ખસી જાય છે.

અહંકારની માયાજાળ એવી છે કે એમાંથી નીકળવાની વાત તો દૂર રહી, પરંતુ એને સમજવી પણ મુશ્કેલ પડે છે. અહંકાર ક્યારે સમગ્ર વ્યક્તિત્વને ઢાંકી દે છે તેની ખબર જ નથી પડતી. આમાં ફસાઈ ગયેલા સાધુ-મહાત્માઓ સુધ્ધાં પોતાની મહાનતા, સાધના અને સિદ્ધિનો ઢંઢેરો પીટતા રહે છે અને ભોળા ભાવિકોને પોતાની ભ્રમજાળમાં ફસાવીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરતા રહે છે. અહંકાર મિત્રને દુશ્મન અને પોતાનાને પરાયા બનાવી દે છે. બીજાને માન-સન્માન, લાભ કે પદ મળી ન જાય એ માટે તેમને ગબડાવવા, નીચે પાડવા અને બદનામ કરવા તેઓ કારસ્તાનો રચતા રહે છે. અહંકારના ચક્કરમાં પડીને જ અહંકારી વ્યક્તિ કોઈપણ ભોગે પોતાને મહાન સિદ્ધ કરવાની અને તે માટે પૂરેપૂરું જોર લગાવવાની કોશિશ કરે છે.

## જીવનની બરબાદી અને પશ્ચાત્તાપ :

સામાન્ય માણસનો મોટાભાગનો સમય અને શક્તિ, કામ-વાસનાની પૂર્તિમાં, ધનદોલત એકઠી કરવામાં અને પોતાની મહાનતા દેખાડવાની ખાઈ ખોદવામાં અને પૂરવામાં નષ્ટ

થાય છે. એ પછી એટલો સમય અને શક્તિ બચતાં નથી કે જેમાં એ કંઈ સમજે, વિચારે, પોતાને સુધારે, જિંદગીને ઉજાળે અને ભગવાનના કામમાં મદદ કરે. જ્યારે વિચાર જ ન આવતો હોય તો એ રસ્તે આગળ વધવાની વાત કેવી રીતે શક્ય બને ?

બસ, જિંદગીનો આ કીમતી અવસર પોતાની રોજીરોટી કમાવામાં, લગ્ન કરવામાં, પરિવાર વસાવવામાં તથા બાળકોનું ભરણપોષણ કરવામાં જ વીતી જાય છે. બધું જ ધ્યાન ખાવા, કમાવા, આપવા, લેવા, વ્યવહાર, વ્યાપાર વગેરેમાં જ લાગેલું રહે છે. જિંદગી શારીરિક, આર્થિક, પારિવારિક અને રાજનૈતિક વર્તુળ પૂરતી જ મર્યાદિત થઈ જાય છે. આ જ ઘરેડમાં મનુષ્યનું જીવન ઘાણીના બળદની જેમ ફરતું રહે છે, પણ પહોંચતું ક્યાંય નથી. આંધળાં ઘેટાંના ટોળાની જેમ એકની પાછળ બીજો ચાલે છે અને પતનની ખીણમાં ગબડીને ઘવાય છે અને ચીસો પાડે છે. નવાઈની વાત તો એ છે કે બુદ્ધિશાળી ગણાતા લોકો પણ પોતાની ભલાઈની વાત નથી સમજી શકતા. પોતાનાં જ મૂળિયાં ખોદવાના કામમાં લાગેલા રહે છે અને મુશ્કેલીઓ સહન કરે છે. પોતાના ગજા ઉપરાંતનો ભાર ઊંચકીને ફરે છે અને તેના ભારથી દબાતા રહે છે. પેટ પચાવી ન શકે તેટલું ઠાંસતા જાય છે અને પેટની પીડાથી ચીસાચીસ કરતા રહે છે.

આવી ગુમરાહ સ્થિતિને બુદ્ધિભ્રમ જ કહીશું , જે ઊંધા રસ્તાને છતો માની બેસે છે, જેમ કે દ્રૌપદીના ભવનમાં જવાથી કૌરવોને પાણીની જગ્યાએ જમીન અને જમીનની જગ્યાએ પાણી દેખાતું હતું. કડવું સત્ય તો આ જ છે, જેમાં પોતાની મરજીથી

અથવા તો પરિસ્થિતિવશ લાચારીમાં મોટા ભાગના લોકો પોતાની જિંદગીનો પ્રવાસ પૂરો કરતા જોવા મળે છે. ભગવાનનો અંશ હોવાથી પોતાના સુધાર, નિર્માણ અને પરમાર્થના જે રસ્તા ઉપર ચાલવાનું હતું તે તો છૂટી જ જાય છે અને એ રસ્તે ચાલવાથી જે સુખશાંતિ અને આનંદનાં દર્શન થવાં જોઈએ તે પણ નથી થઈ શકતાં.

આ નાશવંત શરીર એક દિવસ માટીમાં મળી જવાનું છે, એવું માણસ જાણતો હોવા છતાં બાહ્ય સુખોની પાછળ ગાંડાની જેમ દોડતો રહે છે. બાળપણ રમવાકૂદવામાં વીતી જાય છે અને જવાનીના કેફમાં મોજમસ્તી જ છવાયેલી રહે છે. જ્યારે કંઈક ભાન આવે છે ત્યાં તો પરિવાર વસી ગયો હોય છે અને એના જ ભરણપોષણમાં મશગૂલ થઈ જાય છે. જ્યારે કંઈક ડહાપણ આવવા માંડે છે ત્યારે ઘડપણ હાજર થઈ જાય છે. શરીર ઉપર જાતજાતના રોગો હુમલા કરે છે, વિકૃત ટેવો અને કુસંસ્કારો ઊંડાં મૂળ નાખી ચૂક્યાં હોય છે તે પણ હેરાન કરવા લાગે છે. તનમન શિથિલ થઈ જાય છે. હવે ડહાપણ આવે તો પણ શું ? સમજદારી તો એમાં કહેવાય કે જ્યારે સમય હતો ત્યારે સારી ટેવો પાડી સદ્ગુણોનો વિકાસ કર્યો હોત અને આગળની યાત્રા સંતોષપૂર્વક પૂરી કરવાની તૈયારી કરી હોત.

જ્યારે છેલ્લી ઘડી આવે છે તે વિદાયવેળાએ માથા ઉપર પાપ, પતન અને ખરાબ કામોનો ભયંકર ભાર ચઢેલો દેખાય છે. ઘોર પસ્તાવો, અસહ્ય વેદના અને ભારે બેચેની થાય છે. પણ હવે શું ? ખેલ ખતમ થઈ ચૂક્યો હોય છે, જીવન પૂરું થઈ ગયું હોય છે. અવસર હાથમાંથી સરકી ચૂક્યો હોય છે.

એકત્રિત કરેલું ધન, વૈભવ, પુત્ર,પત્ની,રૂઆબ, પ્રતિષ્ઠા વગેરે કોઈ સાથે નથી આવતું. જેમને પોતાના માનીને પાપની પોટલી માથા ઉપર ચઢાવતા તથા વધારતા રહ્યા તેઓ જ પરાયા બની ગયા. હવે તો શરીર પણ સાથ નથી આપતું. માત્ર પોતાનાં સારાં કે ખરાબ કર્મોનો ભાર ઊંચકી એકલાએ જ યાત્રામાં આગળ વધવાનું હોય છે. પોતાની અતિમૂલ્યવાન જિંદગીને એમ જ ફોગટમાં બરબાદ કરવાની સાચી સમજ અંત સમયે જ આવે છે, પરંતુ હવે શું ? હીરા જેવો જન્મ કોડીઓના ભાવે વેચાઈ ચૂક્યો હોય છે અને કીમતી ચંદન કોલસાના ભાવે ખોઈ નાખ્યું હોય છે.

એકવાર એક રાજા શિકાર કરવા એક જંગલમાં જાય છે. એ ગાઢ જંગલમાં શિકાર કરતાં કરતાં રસ્તો ભૂલી જાય છે અને સાંજ થતાં પાસેની એક ખેડૂતની ઝૂંપડીમાં રોકાઈ જાય છે. ત્યાં રાત્રિ પસાર કરે છે અને સવારે પોતાના રસ્તે ચાલવા માંડે છે. જતાં જતાં એક કાગળનો ટુકડો ખેડૂતના હાથમાં પકડાવી દે છે અને કહે છે કે કોઈ મુશ્કેલી હોય તો આ ટુકડામાં લખેલા સરનામે મારી પાસે આવી જજો. પછીના વર્ષે દુષ્કાળ પડે છે. બધો પાક નાશ પામે છે. ખેડૂતને કાગળના ટુકડાવાળી વાત યાદ આવે છે અને તેના સહારે રાજદરબાર સુધી પહોંચી જાય છે. ખેડૂતની સમસ્યા સાંભળીને રાજા વિચારે છે કે એને એવું ધન આપું, જે કોઈ પડાવી ન લે. એને એની ઝૂંપડી પાસેનો ચંદનનો બાગ આપી દઉં. તેથી તે તેને ચંદનનો બાગ ભેટમાં આપી દે છે. ખેડૂત વિચારે છે કે રોજ લાકડાં કાપી કાપીને તેમને વેચવાની ઝંઝટ શા માટે વેઠું ? એના કરતાં આ બધાંના કોલસા  બનાવી દઉં અને એક સાથે ખૂબ ધન કમાઈ લઉં.

ચંદનનાં વૃક્ષોને કાપીને તેના કોલસા બનાવવાનું કામ પૂરું થવામાં જ હતું ત્યાં એક દિવસ વરસાદ થાય છે. કોલસા ન બનવાથી બચી ગયેલાં કેટલાંક ચંદનનાં લાકડાં માથે ઉપાડીને ખેડૂત બજારમાં જાય છે. ચંદન પોતાની સુગંધ ફેલાવી રહ્યું હતું. ઢગલો ગ્રાહકો ભેગા થઈ ગયા. થોડાંક લાકડાંઓ હજારોમાં વેચાઈ ગયાં, જ્યારે ઢગલો કોલસાના થોડાક જ રૂપિયા મળ્યા હતા. જ્યારે એનું રહસ્ય તે સમજ્યો ત્યારે ખૂબ પસ્તાયો કે આટલાં કીમતી લાકડાંના કોલસા બનાવી દીધા.

સામાન્ય રીતે પોતાની અસમજણના કારણે માણસ પણ આવી જ મૂર્ખતા કરે છે. જિંદગીનો પ્રત્યેક દિવસ બગીચાના એક કીમતી વૃક્ષ જેવો છે. એની કીમત નહિ જાણવાના કારણે એને કોલસો બનાવીને બરબાદ કરતો રહે છે.

## પોતાના ભાગ્યનો નિર્માતા મનુષ્ય પોતે :

જીવતા હોઈએ ત્યારે નસીબનો વાંક કાઢી રોતલ, સડેલું, ગંદું, દુર્ગતિ અને દુર્ગંધભર્યું જીવન જીવવું અને મૃત્યુ વખતે ઘોર પશ્ચાત્તાપ કરવો - શું આ જ મનુષ્યજીવનની નિયતિ છે ? દુઃખદ સ્થિતિમાંથી મુક્તિ મેળવવાનો કોઈ રસ્તો નથી ?

ઋષિમુનિઓ આને જ માયાજાળ તરીકે ઓળખાવે છે અને તેમાંથી બહાર નીકળવા માટે સાવધાન કરે છે, પણ તે દુર્ભાગ્યને શું કહીએ, જે બુદ્ધિને આ મૂર્ખતા છોડવા અને સમજદારીને અપનાવવા નથી દેતું ? આ અતિમૂલ્યવાન મનુષ્યજીવન દુઃખભરી બરબાદીની જ કથા છે.

આપણે આપણી દુર્ગતિ અને દુર્દશાની જવાબદારી દુર્ભાગ્ય અથવા બીજાઓ ઉપર નાંખી દઈ જૂઠો સંતોષ મેળવી શકીએ છીએ, પણ એથી સમસ્યાનું સમાધાન નહિ થાય, ઉકેલ નહિ આવે. સંતોષ અને સમાધાન આપનારું પરમ સત્ય એ છે કે આપણે જ આપણી દુર્ગતિ માટે જવાબદાર છીએ. આજે આપણે જે કોઈ સારી કે ખરાબ સ્થિતિમાં છીએ તે આપણા પોતાનાં જ પાછલાં સારાં કે ખોટાં કર્મોનાં ફળ છે. આનાથી એ પણ સ્પષ્ટ થાય છે કે કાલે આપણે જે કંઈ પણ હોઈશું તે આપણાં આજનાં શુભ કે અશુભ કર્મોના ફળરૂપે હશે. તેથી કહી શકીએ છીએ કે મનુષ્ય પોતે જ પોતાના ભાગ્યને બનાવે છે કે બગાડે છે. તેનું ભાગ્ય તેના પોતાના હાથમાં છે.

આ જ સત્યને ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ આ રૂપમાં કહે છે - "મન જ માણસના બંધનનું કારણ છે અને તે જ તેના મોક્ષનું કારણ છે." બગડેલા મનથી મોટો દુશ્મન બીજો કોઈ નથી. તે જ રીતે સુધરેલ મનથી વધારે મોટો દોસ્ત પણ બીજો કોઈ નથી. તે એવું પણ સ્પષ્ટ કહે છે કે માણસે પોતાનો ઉદ્ધાર પોતે જ કરવો પડશે. ભગવાન બુદ્ધ પણ આ જ વાતને "અપ્પ દીપો ભવ" ના રૂપમાં સમજાવે છે, અર્થાત્ પોતે જ પોતાનો દીપક બનો. કરોળિયાની માફક પોતે ફેલાવેલી જાળ પોતે જ સંકેલી લેવી પડશે. કરોળિયાના પેટમાં એક પ્રકારનું પ્રવાહી હોય છે, જેનાથી તે પોતાના માટે એક જાળ ગૂંથે છે પછી તેમાં જ ગૂંચાતો ચારે બાજુ ફરતો રહે છે, પણ જ્યારે ઇચ્છા જાગે છે ત્યારે પોતાની ગૂંથેલ જાળ સંકેલીને બહાર નીકળી જાય છે અને તેનાથી મુક્ત પણ થઈ જાય છે.

ઈશ્વરીય મદદ તો દરેક સમયે માણસને મળતી જ રહે છે, પણ તે ત્યારે જ મળે છે કે જ્યારે માણસ પોતે પોતાની સહાયતા કરે છે. નકામા, આળસુ અને કામચોરોને તો તે પણ તેમના ભાગ્યના ભરોસે છોડી દે છે.

માણસ જો નક્કી કરી લે તો એવું કશું પણ નથી, જે તે કરી ન શકે. તે એવી ધાતુમાંથી બન્યો છે કે તેની હિંમત અને ઇચ્છાશક્તિની સામે કોઈ અડચણ ટકી શકતી નથી. તે પોતાના હાથે જ ખાઈ ખોદે છે અને ઇચ્છે તો તે જ હાથથી ઉપર આવવા માટે પગથિયાંવાળો રસ્તો પણ બનાવી શકે છે. ટૂંકમાં, પોતાના ભાગ્યને બનાવવા કે બગાડવાવાળો ખુદ મનુષ્ય પોતે જ છે.

## જીવનને ઘડવાનો - સજાવવાનો સંકલ્પ :

પોતાની જિંદગીમાં સુખશાંતિ અને સફળતા મેળવવા માટે દરેક સમજદાર માણસે પોતાની સ્થિતિનો વિચાર કરવો જ જોઈએ. બની શકે તો તેટલી હિંમત પણ બતાવવી જોઈએ, જેથી જિંદગીને બરબાદી અને સર્વનાશથી બચાવી શકાય અને તેને ભગવાનની ઇચ્છાપૂર્તિના, પુણ્યના રસ્તે વાળી શકાય. જો ક્યારેક એવી ઈચ્છા હૃદયમાં જાગે અને પ્રબળ બનવા માંડે તો સમજી લેવું જોઈએ કે અંદર ભગવાનનો પ્રકાશ ચમકવા લાગ્યો અને તેની કૃપા વરસવા લાગી.

પોતાની પતિત સ્થિતિમાંથી મુક્તિ મેળવીને પોતાને સુખશાંતિના સાચા રસ્તે ચલાવવાની તડપ, વ્યાકુળતા તથા ઈચ્છા જાગે તો સુધરતાં વાર નહિ લાગે. ત્યારે તે

મૂઢમાન્યતાથી મુક્તિ મળી જાય છે, જે શરીરને જ સર્વસ્વ માનીને તેની સાથે જોડાયેલી વાસના, તૃષ્ણા અને ઈચ્છાઓની આસપાસ પોતાના તાણાવાણા ગૂંથી રહી હતી તથા પિશાચની કક્ષાનું જીવન જીવવા માટે વિવશ કરી રહી હતી. પછી માણસ પોતાને ઓળખીને પેલા સિંહના બચ્ચાની જેમ ગૌરવથી જીવવા લાગે છે, જે જન્મતાં જ ભૂલથી ઘેટાંઓના ટોળામાં ભળી ગયું હતું, તે જ ઘેટાનાં બચ્ચાંઓ સાથે તે મોટું થયું હતું અને પોતાને પણ ઘેટાનું બચ્ચું જ માની બેઠું હતું. એક દિવસ ત્યાંથી એક વિકરાળ સિંહ પસાર થાય છે. ઘેટાંઓના ટોળામાં સિંહના બચ્ચાને જોઈને તેને થોડી બેચેની થાય છે. જ્યારે તે તેને ઘેટાની જેમ અવાજ કરતું અને વ્યવહાર કરતું જુએ છે ત્યારે તેની બેચેની વધી જાય છે. સિંહ તેમની પાસે જાય છે ત્યારે ટોળાની સાથે સિંહનું બચ્ચું પણ નાસવા લાગે છે. સિંહ ગમે તે રીતે તેને પકડી લે છે અને નદીના કિનારે લઈ આવે છે. ત્યાં પાણીમાં તેનો ચહેરો બતાવીને સમજાવે છે કે તે ઘેટું નહિ, પણ સિંહનું બચ્ચું છે. બસ, આ સમજાવતાં જ સિંહનું બચ્ચું ગર્જના કરે છે અને સિંહની જેમ ગૌરવથી જીવવા લાગે છે.

આમ સભાનતા તથા જાગૃતિ આવતાં જ ડાકુ વાલ્મીકિ એક ઋષિ બની ગયો. ક્રૂર અશોક બુદ્ધની કરુણાથી તેમનો સંદેશવાહક બની ગયો, કામુકતામાં અંધ બિલ્વમંગળ એક સંત બની ગયા. વેશ્યા આમ્રપાલી ધર્મના રસ્તે ચાલનારી ભિક્ષુણી બની ગઈ. આ જ રીતે અજામિલ, અંગુલિમાલ, ગણિકા વગેરેએ પોતાના બગડેલા પૂર્વજીવનને છોડ્યું અને સાચા રસ્તે આગળ વધ્યાં. આવું ભાન આવતાં જ માણસ તે

મંજિલ તરફ આગળ વધે છે, જેનાથી તેનું અતિ કીમતી મનુષ્યજીવન સફળ બનાવનારો સૌથી શ્રેષ્ઠ પુરુષાર્થ ચરિતાર્થ થાય છે અને ત્યારે જ સંતોષપૂર્વક જિંદગીની યાત્રા પૂરી કરવાનો સીધો રસ્તો પણ જડી જાય છે.

**બેહોશીમાં બેવડી અણસમજ :**

પરંતુ જ્યાં સુધી આ સમજાતું નથી ત્યાં સુધી આપણે ન તો વર્તમાનને સુધારી શકીએ છીએ કે ન તો ભવિષ્યનું ધ્યાન રાખી શકીએ છીએ, ન તો આ જીવનને સુખી બનાવી શકીએ છીએ કે ન તો આવતા જીવનને. નાનાંમોટાં આકર્ષણોમાં ફસાઈને આપણી જીવનશક્તિને દારૂખાનાના તારામંડળની જેમ સળગાવીને નષ્ટ કરી નાખીએ છીએ. જે કંઈ કમાઈએ છીએ તેને ખરાબ ટેવો અને વ્યસનોમાં ખર્ચી નાખીએ છીએ. જો જીવન અંગે યોગ્ય વિચાર કર્યો હોય તો સંયમનિયમથી રહેતાં સાદું જીવન જીવત. થોડામાં જ નિર્વાહ કરીને વધેલી શક્તિનો ઉપયોગ સારાં કામોમાં કરત. હાલનું જીવન સંતોષકારક રહેત અને પોતાના સુખદ ભવિષ્ય માટે નિશ્ચિંત રહેત.

એક રાજ્યમાં રાજાને પાંચ વર્ષ માટે ચૂંટવાનો નિયમ હતો. તે પછી તેને એક નિર્જન ટાપુ ઉપર છોડી મૂકવામાં આવતો, જ્યાં ન કંઈ ખાવાપીવાની વ્યવસ્થા હતી કે ન રહેવાની. આ રીતે બધા રાજાઓ ત્યાં ભૂખતરસ અને ઠંડીથી મરી જતા. આમ જ કેટલાયે રાજાઓ મરી ચૂક્યા હતા. આ વખતે એક સમજદાર રાજા ગાદી ઉપર આવ્યો. ગાદી પર બેસતાં જ તેણે પોતાના મંત્રીને આજ્ઞા આપી કે જ્યાં પાંચ

વર્ષ પછી તેને મોકલવાનો છે એ ટાપુ શોધી કાઢો. તે ટાપુ જડતાં જ તેણે ત્યાં પાણીની વ્યવસ્થા કરી, કૂવાવાવ ખોદાવ્યાં. જંગલોને સાફ કરીને જાતજાતનાં અનાજ ઉગાડ્યાં અને ફળાઉ વૃક્ષો વાવ્યાં. એક મહેલ બનાવડાવ્યો અને નગર પણ વસાવ્યું, જેમાં લોકો રહી શકે. જ્યારે પાંચ વર્ષ પૂરાં થયાં તો રાજા આનંદથી ત્યાં ચાલ્યો ગયો અને પહેલાં કરતાં પણ વધારે સુખસગવડ અને સાધનો વચ્ચે સુખશાંતિથી રહેવા લાગ્યો. પોતાના વર્તમાનની સાથે ભવિષ્યના જીવનને પણ ઉજ્જ્વળ બનાવનારી આ પ્રકારની કોઠાસૂઝને સમજદારી કહેવાય છે.

આપણા એક નહિ, પરંતુ અનેક જન્મો થઈ ચૂક્યા છે. આપણે આ જન્મમાં સારાં કર્મો દ્વારા આપણી જીવનયાત્રા સફળ બનાવતાં બનાવતાં આગળની યાત્રાને માટે પુણ્ય-પરમાર્થની કમાણી કરી લઈએ, તો એ પગલું બધી રીતે સમજદારીવાળું ગણાશે, પરંતુ અફસોસ ! એ આપણું દુર્ભાગ્ય છે કે બધાં જ પ્રાણીઓમાં સૌથી બુદ્ધિમાન ગણાતું પ્રાણી એવો માનવ આ પ્રકારની સૂઝનો પરિચય આપી શકતો નથી. બધી અક્કલ ખોટા ખેલતમાશા, આનંદપ્રમોદ અને મનોરંજનમાં ખર્ચી નાખે છે, પણ અંતરમનમાં ડોકિયું કરતો નથી.

**બુદ્ધિશાળીઓની મૂર્ખતા :**

મનુષ્યની બુદ્ધિ ઠેકાણા વગરની છે. રોજેરોજ તે સેંકડો સમસ્યાઓના ઉકેલમાં લાગેલી રહે છે. અણુપરમાણુથી માંડીને વિશ્વબ્રહ્માંડ સુધીના વિષયો અંગે તે વાંચેલખે છે અને વિચારે છે. અમીબાથી માંડીને ડાયનાસોર સુધીના કોયડાઓ તે ઉકેલી રહ્યો છે, પરંતુ મુખ્ય પ્રશ્ન તરફ એ ધ્યાન

જ નથી આપતો કે જે આ અતિમૂલ્યવાન જીવન મળ્યું છે તેનો હેતુ શો છે અને તેને સાચો ઉપયોગ કયો છે ?

આ અક્કલવાળો માણસ આખી દુનિયાની જાણકારી માથે ઊંચકીને ફરે છે. મોટી મોટી ડિગ્રીઓ લઈને બેઠો છે, કંઈ કેટલાયે વિષયોના નિષ્ણાત હોવાનો દાવો કરે છે, પણ નાના આ પ્રશ્નનો ઉકેલ મેળવી શકતો નથી કે આપણે કોણ છીએ ? અહીં શા માટે આવ્યા છીએ ? આપણે શું કરવાનું છે ? બેહોશીનો નશો એટલી ખરાબ રીતે ચઢી ગયો છે કે દરેક ઘડીએ કસ્તુરીમૃગની જેમ સુવાસને બહાર શોધતો ફરે છે, પરંતુ પોતાની નાભિ તરફ તેનું ધ્યાન જતું જ નથી. બહાર શોધ કરતાં કરતાં થાકેલો-હારેલો માનવ પોતાની અસફળતા બદલ નિરાશા સાથે પોતાના ભાગ્યનાં રોદણાં રોવા લાગે છે.

આ જ વિષયમાં એક વાર્તા છે. એકવાર એક ગામમાંથી દસ શેખચલ્લીઓ પડોશના ગામમાં મેળો જોવા ગયા. રસ્તામાં એક નદી હતી, જેને પાર કરીને જ આગળ વધાતું હતું. બધા એકી સાથે નદી પાર કરી ગયા. સામેના કિનારે પહોંચ્યા પછી તેમને શક પડ્યો કે ક્યાંક કોઈ સાથી નદીમાં તણાઈ ગયો ન હોય. આથી સંખ્યા ગણી લેવાનો વિચાર આવ્યો. બધાએ વારાફરતી સંખ્યા ગણી પણ દરવખતે સંખ્યા નવથી આગળ ન વધી. સંખ્યા પૂરી થાય જ કેવી રીતે ? ગણનારનું બધું જ ધ્યાન બીજાઓને ગણવામાં હતું, આથી તે ખુદને ભૂલી જતો હતો. બધા દુઃખી થઈને માથે હાથ દઈને રોવા બેઠા કે હવે શું થશે ? ઘેર જઈશું તો શો ઉત્તર આપીશું ? એ જ વખતે એક સમજદાર વટેમાર્ગુ એ રસ્તેથી પસાર થયો. તેમની

વ્યથાભરી કથા સાંભળી તે વાતનો મર્મ પામી ગયો. તેણે બધા જ શેખચલ્લીઓને એક હારમાં ઊભા કર્યા અને જોરથી થપ્પડ મારતો મારતો એક, બે, ત્રણ.... એમ ગણતરી કરવા લાગ્યો. દસે દસની ગણતરી પૂરી થઈ ત્યારે તેમણે રાહતનો દમ લીધો.

કંઈક આવી જ હાલત અક્કલવાળા મૂર્ખાઓની છે, જે આખી દુનિયાની જાણકારી તો ભેગી કરતા ફરે છે, પરંતુ પોતાના વિશેની જાણકારીમાં એકદમ શૂન્ય છે, મોટું મીડું છે. ખૂબ મોટી જાણકારી રાખવાનો દમ મારનાર આ માણસ પાછો જાતજાતના ભ્રમ ફેલાવે છે.

## આંતરિક ગુણોની મહાનતાનો સાચો માપદંડ :

સાચો જ્ઞાતા તો એને કહેવાય, જે બાહ્ય જાણકારીઓની સાથેસાથે પોતાને અંદરથી પણ ઓળખે, જાણે અને પોતાના ગુણોના વિકાસ ઉપર પણ પૂરતું ધ્યાન આપે કારણ કે માણસના જીવનમાં જે કંઈ પણ કષ્ટો અને મુશ્કેલીઓ આવે છે તે તેની અંદર રહેલા દોષદુર્ગુણોના કારણે હોય છે. જેમ જેમ આપણે પોતાની અંદર સારા ગુણોનો વિકાસ કરતા જઈએ છીએ તેમ તેમ તેટલા દુર્ગુણો ઓછા થતા જાય છે અને જીવન પણ વધારે સરળ, સીધું અને હલકુંફૂલકું બની જાય છે. આંતરિક ગુણોના કારણે જ મનુષ્ય મહાન બને છે. જેનામાં જેટલા વધારે સદ્‌ગુણ હશે તેને તેટલો મોટો માનવામાં આવશે. દુનિયાના બધા જ ઠાઠમાઠ, વૈભવવિલાસ, રૂઆબ તેની સામે ફિક્કા પડી જાય છે. આ બધા તો ખૂબ જ ટૂંકા સમય માટે પોતાની મોટાઈ બતાવીને નાશ પામે છે.

મનુષ્ય શરીરથી ભલે ગમે તેટલો શક્તિશાળી બની જાય, બુદ્ધિબળથી ભલે ગમે તેટલો મોટો જાણકાર કે વિદ્વાન બની જાય અને ધર્મશાસ્ત્રોનો પંડિત બની ફૂલાતો ફરે, પરંતુ જો તેની અંદર સારા ગુણોનો વિકાસ નહિ થયો હોય તો તેનું વ્યક્તિત્વ અધૂરું જ રહી જશે. આંતરિક ગુણોના વિકાસ સાથે આ અધૂરાપણું ઓછું થવા લાગે છે. એનાથી જે શાંતિ અને આનંદ મળવા લાગે છે તેનું સુખ દુનિયાનાં કરોડો સુખોથી પણ ખૂબ ચઢિયાતું હોય છે. આવી જ વ્યક્તિ સાચું નેતૃત્વ કરે છે અને લોકોને માર્ગદર્શન આપે છે. ગરીબ હોવા છતાં પણ મોટા મોટા મહેલોવાળા તેમના ચરણે પડીને દયાની ભીખ માગે છે.

મનુષ્યનું શરીર મેળવીને પણ જો આપણે આ જીવનમાં સદ્‌ગુણોના વિકાસ ઉપર ધ્યાન ન આપી શકીએ તો પછી મનુષ્યના શરીર અને પશુના શરીરમાં ફેર શો ? પશુ તો ગમે તેમ પણ વધારે સારાં સિદ્ધ થાય છે, કારણકે તેઓ પોતાનાં કર્મોને ભોગવીને તેમના બોજથી હળવાં થઈ જાય છે અને આગળની યાત્રાને સરળ બનાવી દે છે, જ્યારે માણસો પોતાના ઈમાન અને ધર્મને ભૂલીને જે ખરાબ કર્મ કરે છે તે તેના જીવનને નરક જેવું બનાવી દે છે અને મરતી વખતે પાપનું પોટલું લાદીને આગળની યાત્રાને વિશેષ મુશ્કેલ બનાવી દે છે. આવી જિંદગી એને માટે નુકસાનનો સોદો સાબિત થાય છે.

## સામાન્ય જીવનને પણ સફળ બનાવો :

મોટા ભાગે સામાન્ય લોકોનું કોઈ ખાસ લક્ષ્ય નથી હોતું. તેઓ ખાવાપીવામાં, નોકરીધંધામાં, લેવડદેવડ અને પરિવાર વગેરેમાં પોતાની જિંદગીની યાત્રા પૂરી કરે છે.

જો માણસ પોતાનાં કુટુંબીજનો પ્રત્યે બિનજરૂરી મોહ ન રાખે અને પોતાની જવાબદારી અદા કરે અને પોતાના નિર્વાહમાત્રથી સંતુષ્ટ રહીને સીધુંસાદું જીવન જીવે તો તે પોતાના જીવનને સફળ બનાવી શકે છે. એમાં ધ્યાન એટલું રાખવું પડે કે આ સાધારણ જિંદગીને એવી રીતે જીવે કે તેને બરબાદીના માર્ગથી બચાવીને આદર્શજીવન જીવતાં જીવતાં પોતાની યાત્રા સમાપ્ત કરે. યોગ્ય રીતે તેનો નિર્વાહ કરવાથી આપણને જીવનલક્ષ્યને સિદ્ધ કરવાના પૂરતા અવસર મળશે. આટલા માત્રથી પણ આપણે સામાન્ય જીવનને એક પ્રશંસનીય અને અનુકરણીય સફળ જીવન બનાવી શકીએ છીએ.

નિરાશા, આંસુઓ અને પશ્ચાત્તાપથી બચીને જેણે આશાઓ, ઉત્સાહ અને મસ્તી સાથે જીવન વિતાવ્યું હોય તેણે સફળ જીવન જીવીને જીવનનું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું એમ માનવું જોઈએ. જેણે સંતોષ સાથે હસતાં હસતાં જિંદગીની યાત્રાથી વિદાય લીધી હોય તેના જીવનને સફળ જ માનવામાં આવશે. તેનાથી ઊલટું, જેણે જિંદગી રોતાં, કકળતાં અને તડપતાં પાર કરી હોય, તેને ઘોર નિષ્ફળતા જ મળી એમ ગણાશે.

## સફળતાનો સાચો આધાર -આંતરિક પ્રસન્નતા :

બાહ્ય નજરે કોઈ વ્યક્તિ ભલે ને ગમે તેટલી સફળ દેખાય, પણ એટલા માત્રથી તેના જીવનને સફળ નહિ કહી શકીએ. સફળ જીવનનું સાચેસાચું માપ તેના જીવનમાં એકરસ થઈ વ્યાપી ગયેલી પ્રસન્નતાની સુવાસ જ હોઈ

શકે છે અને તે આંતરિક ગુણોનો વિકાસ કરવાથી જ મહેંકે છે. જીવનનું સાચું સૌંદર્ય પણ ત્યારે જ ઝગમગી ઊઠે છે.

સાચું તો એ છે કે પ્રસન્નતા એ જિંદગીની સફળતા અને સુંદરતાનું બીજું નામ છે. જેના જીવનમાં હાસ્ય, ખુશી, ઉત્સાહ તથા ઉલ્લાસ નથી તેમાં દુનિયાભરનાં સુખ અને ઠાઠમાઠ કેમ ન ભર્યાં હોય, જીવન હીરામોતીથી કેમ ન જડેલું હોય, છતાં સુંદર નહિ કહેવાય. વાડી, બંગલા, મોટરગાડી, શણગારેલા તથા સજાવેલા ઓરડા, સુંદર વસ્ત્રો, સુવર્ણ અને રત્નોથી ભરેલી તિજોરીઓ અને રૂપરંગથી ભરેલ પાલખીઓ વગેરે બહારથી જોતાં કોઈને આકર્ષક લાગી શકે છે, પરંતુ એમાં જ જો સુખચેન હોત તો એમાં નિવાસ કરનારા લોકો દુઃખદર્દથી કણસતા, ઉંહકારા ભરતા પોતાના હાથે જ જિંદગીને બરબાદ કરતા ન હોત. આ બધાની વચ્ચે પણ જીવન ત્યારે જ સફળ થાય કે જ્યારે તેમના મનમાં પ્રસન્નતા રહે.

જીવનની અસલી મજા આંતરિક પ્રસન્નતામાં હોય છે, વૈભવમાં નહિ. જેના વિચારો, આચરણ અને સ્વભાવ જેટલાં નિર્મળ, શાલીન અને સારાં હશે તેટલું જ જીવન પણ સફળ અને સુંદર હશે. જે દોષદુર્ગુણોથી ભરેલો હોય તે ગમે તેટલો ધનવાન, પ્રતિષ્ઠિત તથા શાનશૌકતવાળો હોય, છતાં તેને સારો નહિ કહેવાય. તેના બદલે સીધોસાદો અને દેખાવમાં અણઘડ ખેડૂત પણ જો શાંત, પ્રસન્ન, શિષ્ટ અને સભ્ય હોય તો તેને વધારે સુંદર જીવનવાળો કહેવાશે.

## ભગવાનની ખુશામતનો ખોટો માર્ગ :

કેટલાક લોકો મહેનત કર્યા વિના, પરસેવો પાડ્યા વિના જ માલામાલ થઈ જવા ઇચ્છે છે. સીધા રસ્તે ચાલવાને બદલે ટૂંકા રસ્તાની શોધમાં રહે છે અને મોટા ભાગે પગદંડીઓમાં ભૂલા પડી જાય છે. ભગવાનને પૂજાઅર્ચના જેવી ખુશામત પ્રિય છે એમ માનીને એના વડે એમને ખુશ કરવા અને પોતાની ઝોળી ભરવા, સ્વાર્થ સિદ્ધ કરવા જે લોકો પ્રયત્ન કરે છે તેઓ પણ ભ્રમિત છે, માર્ગ ભૂલેલા છે. તેઓ એવા ભ્રમમાં હોય છે કે ભગવાન પૂજાના ભૂખ્યા છે અને ખુશામત કરવાથી રાજી થઈ જાય છે. તેવા જ વિચારથી પૂજા, અર્ચના, કીર્તનવંદન કરીને, કર્મકાંડોની જૂનવાણી રીતરસમ અપનાવીને તેઓ માને છે કે ભગવાન ખુશ થઈ ગયા અને જીવનનો ઉદ્દેશ પ્રાપ્ત થઈ ગયો, પણ આ તદ્દન ખોટો સંતોષ છે.

આવા ખેલતમાશાથી કશું હાથ નથી લાવતું. ખીજ અને નિરાશા જ ભાગમાં આવે છે. આ નાટકનો અંત ભગવાનને સારા કે ખરાબ કહેવામાં અને નાસ્તિક બની જવામાં આવે છે. સામાન્ય બુદ્ધિ કે સમજની બાબત છે કે જ્યારે ખુશામત કરવાથી, નાકલીટી તાણવાથી, લાંચરુશવત આપવાથી આપણે કોઈ એક સમજદાર દુનિયાદારનો પ્રેમ કે આશીર્વાદ નથી મેળવી શકતા, તો પછી ભગવાનને તો કેવી રીતે ખુશ કરી શકીએ ? નાની મોટી ખુશામત અને જૂઠી પ્રશંસાથી ખુશ થવાનો સ્વભાવ હલકા માણસોનો હોય છે, ભગવાનનો નહિ.

ભગવાનને આવા વિચારવાળા માની લેવા તે હકીકતમાં આપણી બાલીશ વિચારધારાનું પરિણામ છે. ખરેખર તો ભગવાન સમજદારી અને ન્યાયનું સાચું સ્વરૂપ છે. તેમના

આશીર્વાદ અને પ્રેમ તો ફક્ત પોતાની જવાબદારી અને કર્તવ્યને યોગ્ય રીતે પૂરાં કરનારા અને સાચું આચરણ કરનારાને માટે સુરક્ષિત રહે છે. ભગવાને માણસને પોતાનો વિશ્વબાગ એટલા માટે સોંપ્યો છે કે તે કાબેલ માળીની જેમ તેને હર્યોભર્યો અને ફળફૂલથી લચેલો રાખવા માટે યથાશક્તિ પ્રયત્ન કરે. માત્ર તેનું નામ રટતાં રટતાં ફૂલપાન તોડીને તેની મૂર્તિ ઉપર ચઢાવ્યા કરે એટલા માટે તેને જન્મ નથી આપ્યો.

કોણે શું કર્યું એ જ પ્રભુ જુએ છે. એને એટલી નવરાશ નથી કે એ ગણ્યા કરે કે કોણે એમની પ્રશંસામાં શું શું કહ્યું ? ભગવાનના દરબારમાં મનુષ્યના કર્મનું જ મહત્ત્વ છે, એણે કરેલ કર્મકાંડોની રમતનું નહિ. તે તો સૌને એક જ ત્રાજવે તોલે છે કે કોણે માનવતાના ગૌરવ સાથે જીવન પસાર કર્યું અને કોણે ખરાબ કર્મો દ્વારા એને બદનામ કર્યું.

આપણા જીવનને સુધારવાથી જ આપણે તેના બની શકીએ છીએ અને ભગવાન માત્ર એને જ મદદ કરે છે, જે પોતાની મદદ માટે જાતે જ તૈયાર રહે છે. લાયકાત વિના હાથ ફેલાવાની, નાકલીટી તાણવાની કે કરગરીને પોતાનો સ્વાર્થ સાધવાની ચાલાકી અહીં કામ લાગતી નથી. પૂજાપાઠ અને કર્મકાંડનો હેતુ માત્ર પ્રભુની ઈચ્છાને દિલ અને દિમાગમાં દૃઢતાથી સ્થાપિત કરવા માટે અને પોતાને વધુમાં વધુ શુદ્ધ, સાચા તથા સમજદાર બનાવવાની હિંમત પેદા કરવા માટે છે. ભગવાનને ખુશ કરવાના બે જ રસ્તા છે (૧) આપણે આપણા વિચાર, ચરિત્ર અને આચરણમાં કેટલી શુદ્ધતા, ઉદારતા અને સચ્ચાઈ રાખી શકીએ છીએ. (૨) તેની આ વિશ્વવાટિકાને સુંદર બનાવવા માટે કેટલા ઉત્સાહથી આપણું વધારેમાં વધારે યોગદાન આપી શકીએ છીએ.

## જીવનદેવતાને સાધીએ અને મનોકામના પૂરી કરીએ :

દુઃખદારિદ્રથી મુક્ત થવા અને જીવનને સુખી અને ખુશખુશાલ બનાવવા માટે કેટલાય લોકો જાતજાતના દેવીદેવતાઓના પૂજાપાઠ, ધ્યાન, જપ વગેરે કરતા રહે છે. તેઓ વિચારે છે કે દેવો સંતુષ્ટ તથા પ્રસન્ન થઈને આશીર્વાદ તથા વરદાન આપશે અને મનોકામનાઓ પૂરી કરશે. આમાં તેઓ કેટલા સફળ થઈ શકે છે તે કંઈ કહી શકાતું નથી, કારણ કે અહીં બધું જ દેવશક્તિઓની ઇચ્છા ઉપર નિર્ભર રહે છે, તેમાં સેવકની શી મરજી ? તે તો માત્ર વિનંતી કે આજીજી જ કરી શકે છે. મોટા ભાગે એમાં ખીજ, નિરાશા અને અનાસ્થા જ હાથમાં આવે છે.

પરંતુ આ ધરતી ઉપર એક એવો દેવતા જરૂર છે, જેની સાધના ક્યારેય નકામી નથી જતી. તે પોતાના ભક્તને ક્યારેય નિરાશ નથી કરતા. તે હાથોહાથ મહેનતનું ફળ આપે છે. આ દેવતાને શોધવા માટે આપણે બહાર રખડવાની જરૂર નથી. એ છે આપણા સૌથી નજીકના - જીવનદેવતા. આને જો આપણે સાચી રીતે સાધી લઈએ તો એ જ કલ્પવૃક્ષ બની જાય છે, જેની નીચે બેસવાથી મનની બધી જ ઇચ્છાઓ પૂરી થઈ જાય છે. તેથી બહાર ભટકવાને બદલે જરૂર માત્ર એટલી છે કે આપણે પોતે પોતાને સંભાળતાં, સુધારતાં, સમજાવતાં જીવનદેવતાની સાધના કરીએ.

જે આ સત્યને જેટલો જલદી સમજી જાય છે તેને તેટલો જ વધારે ભાગ્યશાળી માનવામાં આવશે. માનવજન્મ સાથે જોડાયેલા વિવિધ પ્રકારના ઉપહાર, સુખ અને આનંદના

લાભ આવા જ લોકોને મળતા રહ્યા છે અને મળતા રહેશે. આ જ જીવનદેવતાની સાધના કરવાથી નાના નાના સામાન્ય લોકોને ઐતિહાસિક પુરુષ બનવાનું ગૌરવ મળ્યું છે. મહાત્મા ગાંધી શરીરથી દુબળાપાતળા હતા. માત્ર ૯૮ પાઉન્ડની કાયાવાળા ગાંધીજીમાં જીવનદેવતાની સાધનાથી એવી પ્રચંડ શક્તિ જાગી કે બ્રિટિશ રાજ્ય હાલી ઊઠ્યું. અબ્રાહમ લિંકન, માર્ટિન લ્યૂથર કિંગ, જ્યોર્જ વૉશિંગ્ટન વગેરે પણ પહેલાં સામાન્ય  મનુષ્ય હતા, પરંતુ જીવનદેવતાની સાધના પછી ક્યાંથી ક્યાં પહોચી ગયા.

જીવનના દરેક ક્ષેત્રમાં આવાં ઉદાહરણો ઢગલાબંધ જોવા મળે છે. આ જ દેવતાની સાધના કરવાથી સી.વી. રામન, જગદીશચંદ્ર બોઝ, આઈન્સ્ટાઈન, માર્કસ, મેડમ ક્યૂરી, એડીસન વગેરે વૈજ્ઞાનિકોને જે ઉપલબ્ધિઓ પ્રાપ્ત થઈ તેના માટે તેમણે બીજાં કોઈ  દેવીદેવતાને સુરક્ષા માટે વિનંતી કે પ્રાર્થના નહોતાં કરવાં પડ્યાં. આજે જે વૈજ્ઞાનિક ઉપલબ્ધિઓનો આશ્ચર્યચકિત કરી દેનારો ચળકાટ ચારેબાજુ દેખાય છે તે મનુષ્યની માનસિક ક્ષમતાના માત્ર સાત ટકાની જ કમાલ છે. જ્યારે બાકીના ૯૩ ટકા ભાગને પણ જાગૃત કરવામાં આવશે ત્યારે એનાથી કેટલો ચમત્કાર થશે તેની કલ્પના કરી શકાય છે.

જેમ બ્રહ્માંડનું નાનું સ્વરૂપ પરમાણુ છે, વૃક્ષનું નાનું સ્વરૂપ બીજમાં રહે છે, તે જ રીતે મનુષ્યની અંદર ભગવાનની બધી શક્તિઓ રહેલી  છે. તેમને જાગ્રત કરવામાં આવે તો તે રિદ્ધિસિદ્ધિઓના રૂપમાં પ્રગટ થાય છે. જીવનદેવતાની સાધનાથી જ ઋષિમુનિ, યોગી, તપસ્વી સિદ્ધપુરુષ વગેરે આ શક્તિઓના સ્વામી બને છે.

સામાન્ય માણસ જેની ઉપર રાખનું પડ ચઢી ગયું છે તેવા અંગારાની જેમ સામાન્ય અવસ્થામાં પડ્યો રહે છે, પણ જ્યારે રાખને દૂર કરવામાં આવે છે ત્યારે તે પોતાની ચમક અને ગરમી આપવા લાગે છે, તેવી જ રીતે જીવનદેવતાની સાધના કરવાથી માણસમાં તેનું અસલી ઈશ્વરીય રૂપ પ્રગટ થવા લાગે છે.

તે જાગ્રત થતાં મનુષ્યની અંદર ચુંબક પેદા થવા લાગે છે, જે પોતાના વિકાસ અને સફળતા માટે આવશ્યક ચીજો, વ્યક્તિઓ અને પરિસ્થિતિઓને પોતાની તરફ ખેંચે છે. જેમ વૃક્ષની આકર્ષણ શક્તિ વાદળોને ખેંચીને વરસવા માટે વિવશ કરે છે, ખાણમાં ધાતુઓ પોતાની જાતના કણોને દૂર દૂરથી ખેંચીને એકઠા કરે છે, ખીલતું ફૂલ પોતાના ચુંબકથી મધમાખી, પતંગિયાં અને ભમરાઓને પોતાની તરફ આકર્ષિત કરે છે, એ જ રીતે જીવનદેવતાને સાધતાં પેદા થયેલ ચુંબક ઈશ્વરની શક્તિઓને બોલાવે છે અને આશીર્વાદ આપવા માટે લાચાર કરે છે.

## હૃદયના સાદને સાંભળો અને જીવનના ઉદ્દેશને સમજો :

વ્યાવહારિક જીવનમાં કોઈપણ નીચે પડવા નથી ઇચ્છતું. દરેક વ્યક્તિની ઇચ્છા ઉપર ચઢવાની, આગળ વધવાની હોય છે. બધા પોતાને શ્રેષ્ઠ જ સાબિત કરવા ઇચ્છે છે. આ માટે જાતજાતના પ્રયત્નો પણ કરે છે અને પ્રમાણો પણ એકત્રિત કરતા રહે છે. મનુષ્યની ઉપર ચઢવાની ઇચ્છા એક સ્વાભાવિક ધર્મ છે, પણ વ્યક્તિને જો પૂછીએ કે તમારા જીવનનો ઉદ્દેશ શું છે ? તેને પૂરો કરવા તમે શી યોજના બનાવી છે ? તો તે

કોઈ સંતોષકારક ઉત્તર આપી નથી શકતો. ઘણાખરા લોકો આ પ્રશ્નોના ઊંડાણ સુધી પહોંચી શકતા નથી અને તેમનું લક્ષ્ય સ્પષ્ટ ન હોવાના કારણે જ તેમની મોટા ભાગની શક્તિઓ વિખરાયેલી અને નકામી પડી રહે છે.

મહાનતા મનુષ્યની અંદર છુપાયેલી છે, પરંતુ બાહ્ય આકર્ષણો અને કામનાઓમાં ફસાયેલો મનુષ્ય અંદરની ઇચ્છાની ઉપેક્ષા કર્યા કરે છે. ઉપેક્ષિત અને અપમાનિત થયેલી ઇચ્છા ચૂપચાપ દબાઈને પડી રહે છે અને મનુષ્ય માત્ર બાહ્ય પ્રપંચોમાં ગૂંચવાઈ રહે છે.

વાસ્તવમાં મનુષ્યના હૃદયમાં ઈશ્વરીય શક્તિનું કેન્દ્ર આવેલું છે. આ કેન્દ્રમાં પ્રભુના સંદેશા સતત આવતા રહે છે. તેમનું પાલન કરવાથી આપણા ગુણોનો વિકાસ થાય છે, બુદ્ધિ તેજ બને છે, પુણ્યની મૂડી વધે છે, ઊંડી સમજણ ઉત્પન્ન થાય છે અને આત્મવિશ્વાસ વધે છે તથા દૃઢ થાય છે, પણ મનમાં દોડાદોડ કરતી વાસનાઓ અને કામનાઓના શોરબકોરમાં તેના સંદેશાઓને વણસાંભળ્યા કરી દેવામાં આવે છે. આથી મનુષ્ય જીવનલક્ષ્યથી ભ્રષ્ટ થઈ માર્ગ ભૂલીને પગદંડીઓમાં ઠોકરો ખાતો ફરે છે. આ આંતરિક ધ્વનિ એટલો નાજુક, સૂક્ષ્મ અને ધીમો હોય છે કે તેને દબાવી દેવો સહેલો હોય છે. જો આપણે હૃદયના આ અવાજના રૂપમાં ઈશ્વરીય સંદેશને સાંભળવાની બાબતમાં જાગ્રત થઈએ તો ધીમેધીમે આપણું જીવનલક્ષ્ય સ્પષ્ટ થવા લાગશે અને પગદંડીઓમાં ભટકવાના બદલે રાજમાર્ગનો સીધો રસ્તો મળી જશે.

## સાદું જીવન ઉચ્ચ વિચાર :

જીવનલક્ષ્યના રસ્તે આગળ વધવા માટે "સાદું જીવન ઉચ્ચ વિચાર" નો સિદ્ધાંત બધી દૃષ્ટિએ યોગ્ય છે. ઠાઠમાઠ, ભપકો અને લક્ષ્મી એકઠી કરવાની તીવ્રતમ લાલસા અને આત્યંતિક આકાંક્ષા મનુષ્યને યોગ્ય રસ્તે એક ડગલું પણ આગળ વધવા નથી દેતી. મોટાઈનો નશો. બધા નશાઓમાં નિકૃષ્ટ પ્રકારનો નશો છે. પોતાનો ઠાઠમાઠ, ભપકો અને વૈભવ બતાવીને માણસ જે ઇજ્જત અને સુખની આશા રાખે છે તેનું એક કિરણ સુધ્ધાં જોવા નથી મળતું. ઊલટું, ઈર્ષ્યા જ વધે છે. સાથીઓની તુલનામાં ખૂબ વધારે વિલાસવૈભવ એકઠો કરવાથી ઇજ્જત ક્યાં મળે છે ? ભૂખ્યાઓની ટોળીમાં કોઈ રસમલાઈ ચાટતો ફરે તો તે સૌભાગ્યશાળી કહેવડાવવાનું શ્રેય ક્યાંથી પ્રાપ્ત કરી શકે ? ઊલટું, લોકોનો આક્રોશ વધે છે અને નિષ્ઠુરતાનો આરોપ મૂકવામાં છે. ક્યારેક ક્યારેક તો આક્રમણના ભોગ બનવું પડે છે અને કષ્ટ સહન કરવું પડે છે.

આ વિષયમાં સાદું જીવન અને ઉચ્ચ વિચારનો સિદ્ધાંત જ એવું સોનેરી સૂત્ર છે, જેની સાથે જિંદગીની શાન, માન અને મર્યાદા જોડાયેલાં છે અને પ્રસન્નતાનાં સર્વ સૂત્રો રહેલાં છે.

સાદગીનો અર્થ છે -મિતવ્યયતા, કરકસર અને વિલાસ-વૈભવ વગરનું હળવુંફૂલ જીવન. આ માટે સરાસરી ભારતીય કક્ષાના માપદંડને અપનાવીને ચાલવું પડશે, નહિ તો ખબર નહિ પડે કે જે વૈભવનો ઉપયોગ થઈ રહ્યો છે તે આવશ્યક છે કે નહિ, યોગ્ય છે કે અયોગ્ય. જેની પોતાની તૃષ્ણાઓ અપાર છે તેના માટે તો એ બાબતનું અનુમાન કરવું પણ અઘરું છે કે સરાસરી મનુષ્યને, સર્વસાધારણ

મનુષ્યને કઈ કક્ષાનું જીવન જીવવું પડે છે. તે હંમેશાં ધનકુબેરોનાં સપનાં જુએ છે અને ચોરો, ધનલાલચુઓ અને નિષ્ઠુરોએ ગમે તે રીતે મેળવેલા વૈભવવિલાસને સ્વાભાવિક માને છે.

'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' અનુસાર આપણે આપણી આકાંક્ષાઓને એટલી ઓછી રાખવી પડશે કે સંસારમાં જેટલાં સાધન છે તેમને હળીમળીને વહેંચીને ખાઈ શકીએ, દરેકના ભાગમાં નિર્વાહ જેટલું આવી શકે. ઓછામાં ઓછું પોતાના માટે અને બાકીનું ઈશ્વરીય કાર્ય માટે, લોકકલ્યાણ માટે, એ જ 'સાદું જીવન ઉચ્ચ વિચાર'નો મર્મ છે. સરાસરી ભારતીય કક્ષાનું જીવન જીવતાં પૂરી શક્તિની સાથે મહેનત કરવામાં આવે અને નિર્વાહ કરતાં જે વધારે હોય તેનો સારાં કામોમાં ઉપયોગ કરવામાં આવે.

## મહાનતા માટે ક્ષુદ્રતા ત્યાગવી જ પડશે :

જીવનલક્ષ્યના શ્રેષ્ઠ રસ્તે આગળ વધવા માટે બૂરાઈઓ અને દોષદુર્ગુણોનો ત્યાગ કરવો જ પડશે. આ જ ઋષિઓની પરંપરા રહી છે. બુદ્ધ કે ગાંધીને જ નહિ, પરંતુ મહેનતના રસ્તે ચાલનારા દરેક પ્રવાસીને પહેલો પ્રયાસ અહીંથી શરૂ કરવો પડ્યો છે. શ્રેય માર્ગ ઉપર ચાલનારા માટે ત્યાગ-વૈરાગ્યની આવશ્યકતાની જે વાતો શાસ્ત્રોમાં ડગલે ને પગલે બતાવવામાં આવી છે, તેમનો સાર એ જ છે કે જ્યાં સુધી તૃષ્ણાઓથી પીછો ન છૂટે ત્યાં સુધી શ્રેષ્ઠતામાં મન નહિ લાગે અને શરીર પણ સાથ નહિ આપે. દોષિત, ખોટા

વિચારવાળું અને છીછરું જીવન અથવા સારા વિચારોથી ભરેલ સાત્ત્વિક, સૌમ્ય અને મહાન જીવન બેમાંથી આપણે એક રસ્તાને પસંદ કરવો પડશે.

બૂરાઈ શરૂઆતમાં આકર્ષક લાગે છે, પરંતુ એનું પરિણામ ઘાતક ઝેરની જેમ ભયંકર કષ્ટ આપનારું સિદ્ધ થાય છે. ભલાઈનો રસ્તો બીજની જેમ ઓગળવા જેવો છે, જેમાં થોડા સમય પછી અંકુરિત થવાનો, લહેરાવાનો અન ફળવા-ફૂલવાનો અવસર નિશ્ચિત રૂપથી મળે છે. અણસમજુ માણસ તાત્કાલિક લાભ માટે આતુર હોય છે. તે લોટની લાલચમાં ગળું ફસાવીને વગર મોતે મરનારી માછલીનું ઉદાહરણ બની જાય છે. પારધીની જાળમાં દાણાની લાલચમાં ફસાઈ જનાર પંખીઓની જેમ ફસાઈ જાય છે. બીજી બાજુ ખેડૂત, વિદ્યાર્થી અને વ્યવસાયીની જેમ પોતાની મહેનતને યોગ્ય રસ્તે અને સારાં કામોમાં લગાડી એક દિવસ કીમતી પાકથી, ધનધાન્યથી પોતાના કોઠાર ભરે છે.

સરાસરી નાગરિકની કક્ષાનું જીવન જીવતાં સાદું જીવન ઉચ્ચ વિચારનો રસ્તો દરેક વ્યક્તિ માટે શ્રેષ્ઠ પરિણામ આપનારો સિદ્ધ થાય છે. આમાં આપણું કલ્યાણ અને બીજાનું ભલું એમ બંનેય લક્ષ્ય સિદ્ધ થાય છે. અંતરમાં સંતોષ મળે છે, તો બહાર સન્માન. વિશ્વવાટિકાની દેખરેખ રાખવામાં ઈમાનદાર અને જવાબદાર માળી જેવી ભૂમિકા નિભાવી હોય તો તે માટે ઈશ્વરના આશીર્વાદ તથા ઈનામ પણ મળે છે.

## નરકમાંથી બહાર નીકળો, સ્વર્ગ પોતાની અંદર જ મેળવો :

જ્યારે આપણે માનવની કક્ષાએથી નીચે ઊતરી પશુ અને પિશાચ કક્ષાની જિંદગી જીવીએ છીએ ત્યારે વાસના, તૃષ્ણા અને અહંતા જેવા દોષદુર્ગુણોનો આવેશ એવો માથે ચઢી જાય છે કે મનુષ્ય જે ન કરવું જોઈએ તે બધું કરે છે. આવા નિમ્ન કક્ષાના વિચાર અને આચરણનું પરિણામ શારીરિક અને માનસિક રોગોના રૂપમાં પ્રગટ થાય છે. ચારે બાજુ અપયશ અને અવિશ્વાસનું વાતાવરણ સર્જાય છે. હૃદય પશ્ચાત્તાપની જ્વાળામાં ભડભડતું રહે છે. બહારથી રાજદંડ, સમાજદંડ અને પ્રતિશોધનો દંડ સતાવે છે તે વધારામાં. પોતાનાં માનમર્યાદાને છોડીને કરેલાં ખરાબ કર્મોનું ફળ જ તે નરક બની જાય છે, જેમાં ઘોર યાતના, અસહ્ય પીડા અને માથું ફાટી જાય તેવી દુર્ગંધ ભરેલી હોય છે.

આવી નરકની યાતના ભોગવવાનો કષ્ટદાયક અનુભવ જેને પણ થયો હોય તેણે વિચારવું જોઈએ કે આવું કેમ થયું ? શું આ કષ્ટથી મુક્તિ ન મળી શકે ? આ અંગે વિચારતાં સ્પષ્ટ જણાશે કે આનું એકમાત્ર કારણ શરીરને આપેલું વધારે પડતું મહત્ત્વ જ છે. આપણે એને આપણું સાચું રૂપ માની બેસીએ છીએ અને તેને જ સુખી બનાવવા માટે નીચ કર્મ કરતા રહીએ છીએ, જેનું ફળ આખરે આપણને ભડભડતા નરકમાં બળવા માટે લાચાર બનાવે છે.

આ નરકથી બચવાનો તથા આ જ જીવનમાં સ્વર્ગ જેવું સુખ પામવાનો એક જ રસ્તો છે અને તે છે આપણી વિચારવાની રીતમાં ફેરફાર કરવાનો. આપણે આપણા

શરીરને બદલે આપણા આત્માને મહત્ત્વ આપવું પડશે, આપણા ઈશ્વરીય અંશને જાગૃત કરવો પડશે અને સદ્‌ગુણોની વૃદ્ધિ કરવી પડશે. શરીરને જીવનયાત્રાના એક યંત્રના રૂપમાં જ મહત્ત્વ આપીએ અને આપણને સોંપવામાં આવેલી જવાબદારી પ્રત્યે જાગૃત રહીએ.

પોતાને ઈશ્વરનો અંશ માનીને પોતાના વિચાર, સ્વભાવ અને વ્યવહારને તેને અનુરૂપ ઢાળવાનો પ્રયત્ન જ તે શક્તિને જાગ્રત કરે છે, જે નરકમાં પણ સ્વર્ગ ઊભું કરી દે છે. આ જ આધારે સંત ઈમર્સને કહ્યું હતું કે મને નરકમાં મોકલી દો, હું ત્યાં પણ સ્વર્ગ બનાવી દઈશ. સારા વિચારો સ્વર્ગનો માર્ગ ખોલી નાખે છે, તો હલકા વિચારો નરકનો. વિચારો સાથે સુધરવાની કર્મ પણ સુધરવા લાગે છે. સીધો રસ્તો પકડવાથી ભૂલા પડવાનો અવકાશ જ નથી રહેતો. એ જ રીતે ભય અને આકર્ષણ પણ ધીમે ધીમે ઓછાં થવા લાગે છે.

ઉત્કૃષ્ટ વિચાર અને શ્રેષ્ઠ આચરણને પૂરતા પ્રમાણમાં સ્વીકારવું તે જ દેવજીવન છે. ઈશ્વર મનુષ્ય પાસે આવા જ જીવનની અપેક્ષા રાખે છે. દરેક પિતા પુત્ર પાસે એવું જ ઇચ્છે છે કે તે એમની પરંપરા અને પ્રતિષ્ઠા જાળવી રાખે. ભગવાનની પણ પોતાના યુવરાજ પાસે એ જ આશા છે કે તે પોતાના આંતરિક સદ્‌ગુણોવાળા ઈશ્વરીય અંશને જાગ્રત કરે, તેને જીવંત કરે અને શ્રેષ્ઠ જીવન જીવે, જેથી તેની આસપાસનું વાતાવરણ પણ સ્વર્ગ જેવું સુંદર અને મધુર બની જાય. મનુષ્યને દુનિયાની સૌથી શ્રેષ્ઠ રચના બનાવીને મોકલવા પાછળ તેનો આ જ ઉદ્દેશ છે.

## જે હાથમાં છે તેને સાચવીએ :

જે વીતી ગયું છે તે પીડાદાયક છે, દુ:ખદાયક છે અને અસંતોષકારક રહ્યું છે, છતાં પણ એટલો અવકાશ તો હજી છે કે જે હાથમાં છે તેને સાચવવામાં આવે અને તેનો વધારે સારો ઉપયોગ કરવામાં આવે, જેથી પાછલું બગડેલું પણ સુધરી જાય. ભૂલ સમજાતાં પાછા ફરવામાં ખોટું શું છે ?

ફરીથી અપનાવેલી ભલાઈ એટલી શાનદાર હોય છે કે તેના ઊછળતા ઉત્સાહની છાલકોથી ભૂતકાળમાં કરેલી બૂરાઈને ધોઈ શકાય છે. ભૂતકાળમાં જે ખાઈ ખોદી હતી તેને પૂરવાની કોશિશ કરવામાં આવે તો એવી જમીન તૈયાર થઈ શકે, જેના ઉપર નવી ઈમારત ઊભી થઈ શકે કે નવો પાક લઈ શકાય.

હૃદયમાં જાગેલ એક ભલા વિચાર કે ઉમંગ અનુસાર નવી જિંદગી જીવવાનું મન થવા લાગે, તો આજે નહિ તો કાલે તે જીવનને સુંદર અને સ્વચ્છ બનાવવાનો રસ્તો મળી જ જાય છે. એટલું જન નહિ, જો સંકલ્પ દૃઢ હોય તો તેને બદલવામાં વાર લાગતી નથી. જો ઊંચા ઊઠવાનો નિશ્ચય કરીએ તો ખુદ ઈશ્વર જ પોતાના હાથ લંબાવીને ડૂબતાને તારવામાં કોઈ કસર રાખતા નથી. ઉપર ઊઠનારાઓને ભગવાને હંમેશાં સહાય કરી છે, ટેકો આપ્યો છે. પોતાના જીવનલક્ષ્ય પ્રત્યે સમર્પિત, સંકલ્પબદ્ધ અને કટિબદ્ધ માણસોમાંથી કોઈને પણ મઝધારમાં ડૂબવું નથી પડ્યું. મહામાનવો તથા દેવમાનવોનાં ઉદાહરણો ઈતિહાસનાં પાનાંઓમાં ઠેર ઠેર જોવા મળે છે. ઈસુ ખ્રિસ્ત, બુદ્ધ, ગાંધી, વિવેકાનંદ,દયાનંદ વગેરેની

પ્રારંભિક સ્થિતિ એવી ક્યાં હતી કે તેમની પાસે કોઈ મોટી આશા રખાય, પણ જ્યારે તેમણે શ્રેષ્ઠતાને અપનાવવા માટે કમર કસી લીધી તો ભગવાને તેમને પૂરી મદદ કરી. તેમની મુશ્કેલીઓને સરળ બનાવી, જરૂરી સગવડો તથા સાધનો ઊભાં કરી આપ્યાં અને જ્યાં સુધી પહોંચવાની તેમણે ઈચ્છા રાખી હતી અને યોજના બનાવી હતી તેના કરતાં પણ વધારે આગળ પહોંચાડ્યા.

ભગીરથને ગંગાને ધરતી ઉપર લાવવાનો સંકલ્પ પ્રારંભમાં અશક્ય લાગતો હતો, પરંતુ ઈશ્વરીય મદદે તેને સંભવ કરી બતાવ્યો. સાથે જ એ જળપ્રવાહનું નામ ભાગીરથી આપીને એ પણ પ્રસિદ્ધ કર્યું કે ભગીરથ પિતા અને ભાગીરથી તેની પુત્રી માત્ર હતી. ભગીરથે એની આરંભમાં કલ્પના પણ નહિ કરી હોય. આ રસ્તે જઈને દધીચિ, હરિશ્ચંદ્ર જેવા કેટલાયે પોતાના જીવનને ધન્ય બનાવ્યું છે. હનુમાન અને અર્જુનને પણ આ શ્રેયસન્માન ત્યારે જ મળી શક્યું, જ્યારે તેમણે ભગવાને બતાવેલ રસ્તે પોતાને સંપૂર્ણ રૂપે સમર્પિત કરી દીધા. ઋષિમુનિ, યોગી અને તપસ્વીઓની રિદ્ધિસિદ્ધિઓમાં પણ આ જ સચ્ચાઈ કામ કરતી અને ચમત્કાર કરતી દેખાય છે.

## આ દુર્લભ અવસરને ન ચૂકીએ :

આજે એક અદ્દભુત અને દુર્લભ અવસર મનુષ્યને આવી મળ્યો છે. સ્વયં ભગવાન પોતાના આ સંસારરૂપી બાગમાં ફેલાયેલી અશાંતિ, અવ્યવસ્થા અને બગડેલી હાલતને સુધારવા ઈચ્છે છે. એ માટે તેઓ યુગપરિવર્તનની એક

સુનિશ્ચિત યોજના બનાવી ચૂક્યા છે, જે તેના કેટલાય તબક્કાઓમાં લાગુ પણ થઈ ચૂકી છે. એકવીસમી સદીમાં એનો મોટો ભાગ પૂરો થશે.

આ એવો અવસર છે કે આપણે ઈશ્વરના કામમાં મદદ કરીને તે સૌભાગ્યને મેળવી શકીએ છીએ, જે કેવટ, શબરી, ગીધ, ખિસકોલી અને રીંછવાનરોએ પોતે સાધારણ અને તુચ્છ સ્થિતિના હોવા છતાં પણ પોતાના સમર્પણભાવથી ભગવાનનું કામ કરીને મેળવ્યું હતું. તેમનામાંથી કોઈને પણ નુકસાન નથી થયું. યશોધરાના પુત્ર રાહુલ અને અશોકની પુત્રી સંઘમિત્રાએ બુદ્ધના ઈશારે પોતાને ન્યોછાવર કરીને તે શ્રેય મેળવ્યું હતું, જે તેઓ બીજા લોકો જેવું તુચ્છ અને સ્વાર્થી જીવન જીવીને મેળવી શક્યા નહોત. બુદ્ધ-ગાંધીની સફળતા પાછળ પણ આ જ સચ્ચાઈએ કામ કર્યું હતું. આ જ ક્રમમાં ગુજરાતના વીરપુરના જલારામ બાપા પોતાના બધા સાધનવૈભવને ભગવાનના કામમાં ખર્ચીને અક્ષય અન્નભંડારની ઝોળી મેળવી શક્યા હતા.

આજે આ વિશિષ્ઠ સમયમાં જ્યારે મનુષ્યની અંદરના અને બહારના વાતાવરણમાં બંને મોરચે બૂરાઈ, આસુરી આતંક અને પશુતાનો દુષ્પ્રભાવ વધ્યો છે ત્યારે દરેક વ્યક્તિએ અર્જુન બનીને બેવડો મોરચો સંભાળવાની જરૂર ઊભી થઈ છે. આજે યુગપરિવર્તન માટે એવા જીવંત તથા જાગ્રત માણસોની જરૂર ઊભી થઈ છે, જેમને પાંડવોની માફક મોરચાની આગલી હરોળમાં ઊભા રાખીને મહાભારત જીતવાનું શ્રેય અપાવી શકાય. ભગવાનના

આ પોકારને સાંભળવા, સમજવા અને અપનાવવામાં કોઈપણ સમજદારે પાછળ રહેવું ન જોઈએ.

આ અમૂલ્ય જીવનને સાર્થક અને ધન્ય બનાવવાનો સનાતન રાજમાર્ગ સૌના માટે ખુલ્લો છે. આ પ્રકારની સફળતા માટે આ વધારે સરળ અને સુનિશ્ચિત અવસર આપણી સમક્ષ ઊભો છે. ભગવાન મહાકાલની મહાયોજના સાથે જોડાઈને શાંતિકુંજની યુગનિર્માણ યોજના પોતાને સ્વતઃ ધન્ય બનાવી રહી છે. વર્ષ ૧૯૮૮માં શરૂ થયેલ તેનું યુગસંધિ મહાપુરશ્ચરણ અભિયાન પોતાની મહાપૂર્ણાહુતિ સંપન્ન કરી ચૂક્યું છે. વિશ્વવાટિકાને સુંદર બનાવવા માટે સંકલ્પિત ભગવાનના આ મહાઅભિયાનમાં આપનો ભાવભર્યો સહયોગ આપીને જીવનને ધન્ય બનાવવાનો આ દુર્લભ અને અમૂલ્ય અવસર છે. એ ચૂકી ન જઈએ તો વધારે સારું.

મુદ્રક યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.